RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 154* Date: 25.03.2023, Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# રાહુલ ગાંધીનું સંસદ સભ્યપદ રદ

**મોદી સરનેમ કેસમાં સુરત કોર્ટે સજા સંભળાવ્યા પછી સભ્યપદ રદ કરાયું,સત્ય બોલવાની સજા મળી, અમે લડીશું-ચૂપ નહીં રહીએઃ કોંગ્રેસ**

**જે દેશને લૂંટે છે ભાજપ તેમને સમર્થન આપે છે, રાહુલનું સાંસદ પદ રદ થતા પ્રિયંકા ગાંધીના આકરા પ્રહાર**



નવીદિલ્હી,તા.૨૪

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીનું સંસદ સભ્ય પદ રદ કરવામાં આવ્યું છે. લોકસભા સચિવાલયે આ સંબંધમાં શુક્રવારે એક પત્ર જાહેર કર્યો છે. માનહાનિ કેસમાં સુરત કોર્ટે ગુરુવારે તેમને બે વર્ષની સજા સંભળાવી હતી. તે વાયનાડથી લોકસભા સભ્ય હતા. રાહુલ ગાંધીએ ૨૦૧૯માં કર્ણાટકની સભામાં મોદી સરનેમને લઈને નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું, તમામ ચોરોની સરનેમ મોદી કેમ હોય છે. આ કેસમાં સુરત કોર્ટે તેમને સજા ફટકારી હતી. સુપ્રીમ કોર્ટે ૨૦૧૩માં ચુકાદો આપ્યો હતો કે જો કોઈ જનપ્રતિનિધિ જેમ કે ધારાસભ્ય અથવા સાંસદને બે વર્ષ કે તેથી વધુની સજા થશે તો તેનું સભ્યપદ રદ કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે જો પ્રતિનિધિ ઉચ્ચ અદાલતમાં સજા વિરુદ્ધ અપીલ કરશે તો આ નિયમ લાગુ નહીં થાય.

આ મામલે કોંગ્રેસ વતી સત્તાવાર ટ્વિટર હેન્ડલ પર ટ્વિટ કરવામાં આવી હતી કે રાહુલ ગાંધીનું લોકસભા સભ્યપદ રદ કરી દેવામાં આવ્યું. તે તમારા માટે અને દેશ માટે રોડથી સંસદ સુધી લડી રહ્યા છે. લોકતંત્રને બચાવવા દરેક સંભવ પ્રયાસ કરી રહ્યા છે. દરેક કાવતરાં છતાં તે આ લડાઈ દરેક કિંમતે ચાલુ રાખશે અને આ મામલે ન્યાયસંગત કાર્યવાહી કરશે.

કોંગ્રેસ મહાસચિવ જયરામ રમેશઃ અમે આ લડાઈને કાયદાકીય અને રાજકીય બંને રીતે લડીશું. અમે ડરીને કે ચૂપ નહીં બેસીએ. પીએમને સંડોવતા અદાણી મહામેગા કૌભાંડમાં જેપીસીને બદલે રાહુલ ગાંધીને ગેરલાયક ઠેરવવામાં આવ્યા છે. ભારતીય લોકશાહીને ઓમ શાંતિ.

રાહુલ ગાંધીનું લોકસભા સાંસદ પદ રદ કરી દેવામાં આવતા પ્રિયંકા ગાંધીએ પણ આ મામલે ત્વરિત પ્રતિક્રિયા આપતાં ટ્વિટ કરી હતી. તેમણે કહ્યું કે નીરવ મોદીએ ૧૪ હજાર કરોડનું, લલિત મોદીએ ૪૨૫ કરોડનું, મેહુલ ચોક્સીએ ૧૩૫૦૦ કરોડ રૂપિયાનું કૌભાંડ કર્યું. જે લોકોએ દેશના પૈસા લૂંટ્યા, ભાજપ એ લોકોનો બચાવ કેમ કરી રહ્યો છે? તપાસથી ભાગે કેમ છે? જે લોકો સવાલો ઊઠાવે છે તેમના પર કેસ ઠોકી દેવાય છે. શું ભાજપ ભ્રષ્ટાચારીઓને ટેકો આપે છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાઅર્જુન ખડગેએ પણ આ મામલે ત્વરિત પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે અમે સંસદમાં બોલતા રહીશું. તેમને સત્ય બોલવાની સજા મળી રહી છે. અમે લોકતંત્ર માટે લડતા રહીશું. આ રાહુલ ગાંધીનો અવાજ દબાવવાનો પ્રયાસ છે.

રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે રાહુલ ગાંધીના લોકસભા સભ્યપદ રદ થવા અંગે આકરી પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું કે લોકસભાની સદસ્યતા સમાપ્ત કરવી એ સરમુખત્યારશાહીનું બીજું ઉદાહરણ છે. ભાજપે એ ન ભૂલવું જોઈએ કે તેઓએ આ જ પદ્ધતિ શ્રીમતી ઈન્દિરા ગાંધી સામે પણ અપનાવી હતી અને તેનું પરિણામ ભોગવવું પડ્યું હતું. રાહુલ ગાંધી દેશનો અવાજ છે જે હવે આ તાનાશાહી સામે વધુ મજબૂત બનશે.અન્ય એક ટ્વિટમાં સીએમ ગેહલોતે કહ્યું- ભારત જોડો યાત્રામાં રાહુલે મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર અને હિંસાનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમની તરફ ધ્યાન આપવાને બદલે ભાજપ સરકાર રાહુલ વિરુદ્ધ દમનકારી પગલાં લઈ રહી છે. કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુર જણાવ્યું હતું કે નેશનલ હેરાલ્ડ ભ્રષ્ટાચારના કેસમાં જામીન પર છૂટેલા રાહુલ ગાંધીને સંસદમાં સત્યથી ભાગવાની આદત છે. મને લાગે છે કે રાહુલ પોતાને સંસદ, કાયદા અને દેશથી ઉપર માને છે. તેમને લાગે છે કે ગાંધી પરિવાર કંઈ પણ કરી શકે છે.

એ યાદ રહે કે રાહુલ ગાંધી પ્રથમ નેતા નથી જેમને કોર્ટ દ્વારા દોષિત જાહેર કર્યા બાદ વિધાનસભા અથવા સંસદની સભ્યતા ગુમાવી દીધી છે. આ યાદીમાં આ વર્ષે ૧૩ જાન્યુઆરીએ લક્ષદ્વીપના સાંસદ મોહમ્મદ ફૈઝલની સદસ્યતા રદ કરવામાં આવી હતી. આઝમ ખાન દોષિત ઠેરવ્યા પછી ગૃહમાંથી બહાર ફેંકવામાં આવેલા નેતાઓમાંનો એક છે.લાલુ યાદવ પણ તેમની સદસ્યતા ગુમાવનારા નેતાઓની યાદીમાં સામેલ છે, જેઓ સેંકડો કરોડના ચારા કૌભાંડના કેસમાં દોષી ઠેરવવામાં આવ્યા હતા ત્યારબાદ તેમનું સંસદના સભ્ય પદ રદ કરવામાં આવ્યું હતું.મુઝફ્ફરનગર રમખાણ કેસમાં મુઝફ્ફરનગર રમખાણ કેસમાં દોષિત જાહેર થયા બાદ ભાજપના ધારાસભ્ય વિક્રમ સૈનીએ વિધાનસભાની સદસ્યતા ગુમાવી દીધી છે.

## કમલનાથની ટયૂબલાઇટ ખુબ વિલંબથી ચાલુ થાય છે : મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ



ભોપાલ,તા.૨૪

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે પૂર્વ મુખ્યમંત્રી કમલનાથ પર એકવાર ફરી નિશાન સાંધ્યું છે તેમણે કહ્યું કે કમલનાથની ટયુબલાઈટ ખુબ વિલંબથી ચાલુ થાય છે.શિવરાજે કહ્યું કે કોંગ્રેસની નીતી હકીકતમાં હોવી જોઈએ કે જુઠ્ઠાણાની સાથે કમલનાથ.કમલનાથ સત્તામાં આવવા માટે એક જ વસ્તુનો ઉપયોગ કરે છે અને તે છે જુઠ્ઠાણુ

એ યાદ રહે કે મધ્યપ્રદેશમાં ચુંટણીને ભલે જ આઠ મહીના બાકી છે પરંતુ ભાજપ અને કોંગ્રેસ બંન્ને ચુંટણી પાક તૈયાર કરવામાં લાગી ગયા છે. મધ્યપ્રદેશમાં તાજેતરના દિવસોમાં થયેલ વરસાદને કારણે કિસાનોના પાક પર જયાં પૂર્વ મુખ્યમંત્રી કમલનાથે શિવરાજ ચૌહાણે આ પ્રાકૃતિક આપદાથી પીડિત કિસાનોના પાકનું સર્વે,રાહત રકમ,વિજળી બિલ અને પાક લોનને માફ કરવા માટે પત્ર લખ્યો હતો તો મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કમલનાથ પર જવાબી પ્રહારો કર્યા હતાં.

શિવરાજ ચૌહાણા પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ કમલનાથને જવાબ આપતા કહ્યું કે કમલનાથની ટયુબલાઈટ ખુબ વિલંબથી ચાલુ થાય છે.શિવરાજે કહ્યું કે કરાથી પીડિત કિસાનો માટે મેં પહેલા જ સર્વેનું કામ શરૂ કરી દીધુ હતું જયાં કરા પડયા છે તે સર્વેનું કામ લગભગ પુરૂ થઈ ચુકયું છે. શિવરાજે કહ્યું કે કમલનાથ પત્ર થોડો વિલંબથી લખે છે કમલનાથની પાસે એક જ વિકલ્પ છે જેનો તે ઉપયોગ કરે છે સત્તામાં આવવા માટે અનેતે જુઠ્ઠાણુ,કોંગ્રેસની નીતિ હકીકત હોવી જોઈએ જુઠ્ઠાણાની સાથે કમલનાથ.કમલનાથે ગત ચુંટણીમાં પણ આત્મવિશ્વાસની સાથે જુઠ્ઠુ બોલ્યા હતાં અને ત્યારબાદ ફરી ગયા.આ કોંગ્રેસની નીતિ રીતી રહી છે.

હકીકતમાં પૂર્વ મુખ્યમંત્રી કમલનાથે શિવરાજ સિંહ ચૌહાણને પત્ર લખ્યો કે બેમોસમ વરસાદ અને કરાને કારણે માલવા નિમાંડ બુંદેલખંડ મહાકૌશલ અને નર્મદા પુરમના અનેક જીલ્લામાં પ્રાકૃતિક આપદા આવી હતી કિસાન ભાઈઓને ભારે નુકસાન થયું પરંતુ સરકાર તરફથી અત્યાર સુધી કોઈ રાહત આપવામાં આવી નથી કમલનાથે એ પણ લખ્યું હતું કે પ્રદેશભરના કિસાનોમાં રોષ છે જયારે પાક લોન વસુલી માટે જપ્તીની કાર્યવાહી કરવામાં આવી રહી છે.તમને વિનંતી છે કે કિસાન ભાઈઓના પશુઓની રાહત રકમનું વિતરણ અને બાકી વિજળી બિલ અને કાપ લોનની વસુલીની કાર્યવાહીને સ્થગિત કરવામાં આવે

જયારં મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ વરસાદ અને કરાથી પીડિત પાકોને જોવા માટે સાગર અને વિદિશાના કિસાનોના ખેતરોમાં પહોંચ્યા હતાં જયાં તેમણે પ્રાકૃતિક આપદાથી પીડિત કિસાનો માટે રાહતની જાહેરાત કરી હતી અને કિસાનો માટે જાહેરાત કરી હતી જેમાં ૫૦ ટકાથી વધુના પાકમાં નુકસાન છે.

જયાં કિસાનોને ૨૫૦૦૦ પ્રતિ હેકટરના દરે રાહત મળશે.પશુ હાનિને કારણે પહેલા ૩૦ હજાર મળ્યા હતાં તે હવે ૩૭ હજાર આપવામાં આવશે જયારે મૃત્યુ પામેલ ભેડ અને બકરી માટે ૪૦૦૦વાછરડા માટે ૨૦૦૦૦ મરધા મરધી માટે ૧૦૦ પ્રતિ મરધા,મકાનના નુકસાન થયું હશે તો તેની ભરપાઈ

આ ઉપરાંત મુખ્યમંત્રીએ જાહેરાત કરી હતી કે જે કિસાનોના પાકને વ્યાપક નુકસાન થયું છે તેની લોન વસુલી સ્થગિત,લોન વસુલી બંધ કરી લોનનું વ્યાજ પણ સરકાર આપશે.

આગામી પાક માટે શૂન્ય ટકા વ્યાજ પર ફરી લોન મળશે. કરા પ્રભાવિત વિસ્તારોમાં ફરીથી ઘઉ ઉત્પાદન હેતુ રજીસ્ટ્રેશનની તારીખ વધારવામાં આવશે મુખ્યમંત્રી કન્યાદાન યોજના હેઠળ ૫૬૦૦૦ની સહાયતા પણ આપવામાં આવશે.

## મહારાષ્ટ્રમાં ૧૯૮ નવા દર્દીઓ, યુપી-દિલ્લીમાં પણ કેસ વધી રહ્યા છે



નવીદિલ્હી,તા.૨૪

દિલ્લીમાં ફરી એકવાર કોરોનાનો ખતરો વધી ગયો છે. દિલ્લીમાં કોરોનાના ૧૧૭ નવા કેસ નોંધાયા હતા. તેવી જ રીતે દિલ્લીને અડીને આવેલા નોઈડા અને ગાઝિયાબાદમાં પણ કોરોના કેસની સંખ્યા બે આંકડામાં પહોંચી ગઈ છે. જ્યારે મહારાષ્ટ્રમાં ૧૯૮ નવા કેસ સામે આવ્યા છે. જો કે, અત્યાર સુધી કોરોનાને કારણે કોઈનું મોત થયું નથી, પરંતુ પરિસ્થિતિને જોતા ડોક્ટરોએ લોકોને સાવચેત રહેવાની સલાહ આપી છે.સતત વધી રહેલા કેસોને ધ્યાનમાં રાખીને ડોકટરોને ફરી એકવાર અસરગ્રસ્ત લોકોના સંપર્કમાં ન આવવાની સલાહ આપવામાં આવી રહી છે. દિલ્લીના આરોગ્ય વિભાગ તરફથી મળેલા અહેવાલ મુજબ દિલ્લીમાં કુલ ૧૧૭ નવા કેસની પુષ્ટિ થઈ છે. છેલ્લા પાંચ મહિનામાં આ પ્રથમ વખત છે જ્યારે કોરોના કેસની સંખ્યા ૧૦૦ને વટાવી ગઈ છે. તે ગૌરવની વાત છે કે કોવિડને કારણે કોઈ મૃત્યુ નોંધાયું નથી.અગાઉ ગયા વર્ષે ઓક્ટોબર મહિનામાં એક દિવસમાં કોરોનાના ૧૧૬ કેસ નોંધાયા હતા. આરોગ્ય વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, હાલમાં રાષ્ટ્રીય રાજધાનીમાં કોરોનાના કુલ ૩૪૬ સક્રિય કેસ છે. જેમાંથી ૧૭ દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બાકીના દર્દીઓને તેમના ઘરે અલગ રાખવામાં આવ્યા છે. આરોગ્ય વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ગુરુવારે કુલ ૨,૩૬૨ દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. જેમાંથી પોઝિટિવ કેસની સંખ્યા ૪.૯૫ ટકા છે.

સ્વાસ્થ્ય વિભાગના આંકડાઓ અનુસાર, દિલ્લી એનસીઆરમાં ૯ માર્ચ પછી કોરોનાના કેસમાં વધારો થયો છે. અગાઉ થોડા કેસો આવતા હતા. બીજી તરફ, ૧૦ માર્ચે અચાનક આવા કેસ ૧૦૦નો આંકડો વટાવી ગયા અને આશ્ચર્યજનક રીતે એક અઠવાડિયામાં જ આવા કેસ ૧૦૦નો આંકડો વટાવી ગયા. મેક્સ હેલ્થકેર મેડિકલના ડાયરેક્ટર ડૉ. સંદીપ બુધિરાજાના જણાવ્યા અનુસાર, જે કેસ સામે આવી રહ્યા છે તેની જીનોમ સિક્વન્સિંગ કરવામાં આવી છે.

## અમૃતપાલના સાતેય સાથીઓને અલગ અલગ સેલમાં કેદ કરાયા છે

ડિબ્રુગઢ,તા.૨૪

ખાલિસ્તાન સમર્થક અને વારિસ પંજાબ દે ચીફ અમૃતપાલ સિંહના કાકા સહિત તેના સાત સાથીઓને અલગ અલગ સેલમાં રાખવામાં આવ્યા છે.જે સાત આસામના ડિબ્રુગઢ કેન્દ્રીય કારાગારમાં છે અને તેમને અલગ અલગ સેલમાં ૨૪ કલાક સીસીટીવીની દેખરેખમાં રાખવામાં આવ્યા છે. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે સમગ્ર જેલ પરિસરની સુરક્ષા વધારી દેવામાં આવી છે અને વારિસ પંજાબ દેના સાત સભ્યોની નિયમિત આરોગ્ય તપાસ કરાવવામાં આવી રહી છે અધિકારીના જણાવ્યા અનુસાર સાતેયને કોટડીમાં પથારી અને ટેલીવિજન સેટની સુવિધા આપવામાં આવી છે.તેમણે કહ્યું કે જેલ પરિસરમાં ચાર વધારાના સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે.જયારે અન્ય ખરાબ કેમેરાને યોગ્ય કરી દેવામાં આવ્યા છે અથવા બદલી દેવામાં આવ્યા છે.જેલના એક અધિકારીએ કહ્યું કે બ્લેક પૈંથર આસામ પોલીસના કમાંડોની એક ટીમને જેલની બહારની સુરક્ષા સોંપવામાં આવી છે જયારે સીઆરપીએફ,આસામ પોલીસના જવાબ અને જેલ સુરક્ષા કર્મચારી વધારાની સુરક્ષા સંભાળી રહ્યાં છે.તેમણે કહ્યું કે જેલની પુરી દિવાલો પર સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે.પોલીસ મહાનિરીક્ષક(કાયદો વ્યવસ્થા) પ્રશાંત ભુઈયાંએ જેલની સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી હતી.ડિબ્રુગઢના ઉપાયુકત બિસ્વૈત પેગુએ કહ્યું હતું કે રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ હેઠળ અન્ય કેદીઓથી અલગ હોય છે.અમૃતપાલ સિંહના કાકા હરજીત સિંહ સહિત તેના ત્રણ સાથીઓને મંગળવારે ઉચ્ચ સુરક્ષાવાળી ડિબ્રુગઢ જેલમાં લાવવામાં આવ્યા હતાં તેમાં કુલવંત સિંહ ધાલીવાલ અને ગુરિંદર પાલ સિંહ પણ હતો આ પહેલા રવિવારે સમૂહના ચાર સભ્યોને ડિબ્રુગઢ કેન્દ્રીય કારાગાર લાવવામાં આવ્યા હતાં તેમાં દલજીત સિંહ કલસી વસંતસિંહ ગુરમીત સિંહ અને ભગવંત સિંહ ઉર્ફે બાજેકા છે.

## ભાજપનું બનિયાથી મન ભરાઈ ગયું તો મહતોને અધ્યક્ષ બનાવી દેવામાં આવ્યા છે : રાબડી દેવી

પટણા,તા.૨૪

ભાજપે ચાર રાજયોમાં નવા પ્રદેશ અધ્યક્ષ બનાવવાની જાહેરાત કરી છે.બિહારમાં હવે ભાજપનું સુકાન સંજય જયસવાલની જગ્યાએ સમ્રાટ ચૌધરીના હાથોમાં હશે ભાજપ

બિહાર વિધાન પરિષદમાં વિરોધ પક્ષના નેતા સમ્રાટ ચૌધરીની પ્રદેશ અધ્યક્ષ તરીકે નિયુક્તિ કરવામાં આવી છે ત્યારે પૂર્વ મુખ્યમંત્રી રાબડીદેવીએ પોતાના પૂર્વ કેબિનેટ સાથીને શુભકામના આપતા ભાજપ પર કટાક્ષ કર્યો છે.

તેમણે કહ્યું કે ભાજપનું બનિયાથી મન ભરાઈ ગયું તો મહતોને અધ્યક્ષ બનાવી દેવામાં આવ્યા છે.

એ યાદ રહે કે રાજય વિધાન પરિષદમાં વિરોધ પક્ષના નેતા સમ્રાટ ચૌધરી એનડીએ સમર્થિત નીતીશકુમાર સરકારમાં મંત્રી હતાં.૫૪ વર્ષીય ચૌધરી કોઈરી જાતિથી આવે છે.તે બિહારના એક પ્રભાવશાળી રાજનીતિક પરિવારથી સંબંધ ધરાવે છે.તેમના પિતા શકુની ચૌધરી અનેકવાર ધારાસભ્ય રહ્યાં છે અને સમતા પાર્ટીના સંસ્થાપક સભ્ય હોવા ઉપરાંત એકવાર ખગડિયા લોકસભા બેઠકના સભ્યના રૂપમાં પણ કાર્ય કર્યું છે.તે છ વર્ષ પહેલા ભાજપમાં સામેલ થયા હતાં પહેલા લાલુ પ્રસાદની રાજદ અને નીતીશકુમારની જદયુ બંન્નેથી જોડાયેલા રહ્યાં હતાં તેમના રાજકીય જીવનની શરૂઆત પણ રાજદથી થઈ હતી

બીજીબાજુ સમ્રાટ ચૌધરીએ પોતાના ટ્વિટર હૈંડલથી અનેક ટ્વીટ કરી પાર્ટીનો આભાર માન્યો હતો તેમણે ટ્વીટ કરતા લખ્યું મને પ્રદેશ અધ્યક્ષના રૂપમાં સંગઠનાત્મક જવાબદારી આપવા માટે દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી,ગૃહમંત્રી અમિત શાહજી,રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડાજી સહિત રાષ્ટ્રીય નેતૃત્વનું હૃદયથી આભાર અને ધન્યવાદ. બિહાર ભાજપમાં થયેલ આ પરિવર્તનને એકવાર ફરી રાજયમાં પાર્ટીની અંદર જીવ ફુંકવાના હેતુથી લેવામાં આવેલ નિર્ણય કહેવામાં આવી રહ્યો છે.

NEWS OF GANDHINAGAR_P-1

## તંત્રી સ્થાનેથી...

# પક્ષ-વિપક્ષનો હોબાળો

*સંસદમાં જે રીતે સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચે ટકરાવ વધતો જ જાય છે, તેનાથી સંસદનું બજેટ સત્રનું બીજું ચરણ પણ કોઈ વિશેષ કામકાજ વગર જ ખતમ થવાની આશંકા વધી ગઈ છે. જોકે બંને પક્ષો વચ્ચે સહયોગ-સમન્વય સ્થાપવાના પ્રયત્નો તો કરવામાં આવ્યા, પરંતુ સ્થિતિ યથાતથ જ રહી છે. જ્યાં સત્તાપક્ષને રાહુલ ગાંધીની માફીથી ઓછું કશું જ મંજૂર નથી, ત્યાં જ વિપક્ષ અદાણી મામલે સંયુક્ત સંસદીય સમિતિ એટલે કે જેપીસીની રચના કરવાની પોતાની માંગ પર અડગ છે. સત્તાપક્ષ રાહુલ ગાંધી દ્વારા લંડનમાં આપવામાં આવેલ નિંદનીય નિવેદન પર ક્ષમા યાચના બાદ જ સંસદ ચાલવાની સંભાવના વ્યક્ત કરી રહ્યો છે તો વિપક્ષ કહી રહ્યો છે કે અદાણી મામલામાં વચ્ચેના રસ્તાને કોઈ અવકાશ નથી. બંને પક્ષ પોતપોતાની માંગને લઈને એટલા આગળ વધી ગયા છે કે હવે તેમના પાછા ફરવાની કોઈ સ્થિતિ દેખાતી નથી. હવે તો સંસદ ત્યારે જ ચાલી શકશે જ્યારે બંને પક્ષ કાં તો એકબીજાની માંગ માને કે પછી પોતપોતાની માંગ છોડે. પરંતુ એવું થતું દેખાતું નથી, તેથી સંસદ ચાલવાના કોઈ અણસાર નથી દેખાતા. લાગે છે કે બંને પક્ષોને એમાં કોઈ રસ નથી કે સંસદ ચાલે અને નાણાં વિધેયક પર ચર્ચા થવાની સાથે પ્રસ્તાવિત વિધેયકો પસાર કરાવવાની પ્રક્રિયા આગળ વધે.*

*જો પક્ષ-વિપક્ષના હોબાળાને કારણે સંસદનું આ સત્ર કોઈ કામકાજ વગર જ ખતમ થઈ જાય છે તો તે દુર્ભાગ્યપૂર્ણ હશે. સંસદની કાર્યવાહીમાં પ્રતિ મિનિટ લાખો રૂપિયા ખર્ચ થાય છે, પરંતુ વાત માત્ર નાણાંની બરબાદીની જ નથી, જરૂરી વિધેયક અટકી રહેવાથી રાષ્ટ્રના લોકોને થનારા નુક્સાનની પણ છે. એમ તો આ નુક્સાનની ચિંતા બંને પક્ષોએ કરવી જોઈએ, પરંતુ સૌથી વધુ સત્તાપક્ષે કરવી જોઈએ, કારણ કે સંસદ ચલાવવાનું દાયિત્વ તેનું જ હોય છે. એ સંભવતઃ પહેલી વાર છે, જ્યારે સત્તાપક્ષના હોબાળાને કારણે પણ સંસદ ચાલી નથી રહી. સત્તાપક્ષે એની ચિંતા કરવી જ જોઈએ કે દેશની જનતામાં એવો સંદેશ જઈ રહ્યો છેકે તેની રુચિ સંસદ ચલાવવામાં નથી. સૌથી પહેલી પ્રાથમિકતા રાષ્ટ્રીય હિતોને આપવાના તેના સંકલ્પની પૂર્તિ ત્યારે જ થશે, જ્યારે તે સંસદ ચલાવવા માટે પ્રતિબદ્ધ દેખાશે. જેમ સત્તાપક્ષે રાહુલ ગાંધીની માફીને નાકનો સવાલ ન બનાવવો જોઈએ, એવી જ રીતે વિપક્ષે પણ અદાણી મુદ્દાની તપાસ જેપીસી પાસે જ કરાવવાની જીદ ન કરવી જોઈએ, કારણ કે આ મુદ્દાની તપાસ માટે સુપ્રીમ કોર્ટે જાતે જ એક છ સભ્યોની સમિતિ રચી છે. આ સમિતિ એ તમામ પ્રશ્નોના જવાબ શોધવામાં સક્ષમ છે, જે વિપક્ષ ઉઠાવી રહ્યો છે. તેની પણ અવગણના ન કરી શકાય કે સંયુક્ત સંસદિય સમિતિઓ કોઈ ઠોસ નિષ્કર્ષ પર પહોંચવાને બદલે પક્ષાપક્ષીના રાજકારણનો અખાડો જ બનીને રહી જાય છે. માટે પક્ષ-વિપક્ષ બંનેએ હોબાળો મચાવવાનું છોડીને એક સમાધાન પર આવીને સંસદ સુચારુ રીતે ચાલે તેવા પ્રયત્નો કરવા જોઈએ, જેથી રાષ્ટ્રનો વિકાસ અટકે નહીં.*

## ‘રાહુલ ગાંધીનો ઘમંડ બહુ મોટો છે અને સમજણ નાની : જેપી નડ્ડા

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને સુરત કોર્ટે સજા ફટકાર્યા બાદ સત્તાધારી પક્ષ અને વિપક્ષ તરફથી આ નિર્ણય પર સતત પ્રતિક્રિયાઓ આવી રહી છે. ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ રાહુલ ગાંધી પર પ્રહાર કરતા કહ્યું કે કોંગ્રેસના નેતા અને પાર્ટીએ તેમના ઘમંડની સામે ઓબીસી સમુદાયની ભાવનાઓને ઠેસ પહોંચાડી છે. આ ઓબીસી સમાજ રાહુલ પાસેથી આ અપમાનનો બદલો લેશે.જેપી નડ્ડાએ અનેક ટ્વિટમાં પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી પર પ્રહાર કર્યા છે. તેમણે પોતાના ટ્વીટમાં કહ્યું કે, “સુરતની સેશન્સ કોર્ટે ગુરુવારે રાહુલ ગાંધીને ઓબીસી સમાજ પ્રત્યેના વાંધાજનક નિવેદન બદલ સજા સંભળાવી છે. પરંતુ તેઓ અને તેમનો કોંગ્રેસ પક્ષ હજુ પણ તેમના ઘમંડની સામે તેમના નિવેદન પર અડગ છે જેણે ઓબીસી સમુદાયના લોકોની લાગણીઓને પણ ઠેસ પહોંચાડી છે. હવે સમગ્ર અન્ય પછાત વર્ગ (ઓબીસી) સમાજ લોકતાંત્રિક રીતે રાહુલ ગાંધી પાસેથી તેમના અપમાનનો બદલો લેશે.

રાહુલ ગાંધી પર અહંકારી હોવાનો આરોપ લગાવતા નડ્ડાએ કહ્યું કે, “કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીનો ઘમંડ બહુ મોટો છે, તેમની સમજ બહુ નાની છે. પોતાના રાજકીય લાભ માટે રાહુલે સમગ્ર ઓબીસી સમુદાયનું અપમાન કર્યું. તેને ચોર જાહેર કરવામાં આવ્યો. સમાજ અને કોર્ટ તરફથી વારંવાર ખુલાસો અને માફી માંગવાના સૂચનને પણ તેમણે અવગણ્યું. આ સાથે ઓબીસી સમુદાયની લાગણીઓને સતત ઠેસ પહોંચાડવામાં આવી હતી.

ભાજપ અધ્યક્ષે કહ્યું કે રાહુલ ગાંધીનું ઘમંડ બહુ મોટો છે. પોતાના રાજકીય લાભ માટે તેમણે સમગ્ર ઓબીસી સમુદાયનું અપમાન કર્યું. તેને ચોર કહ્યો. તેમણે સમાજ અને કોર્ટ દ્વારા વારંવાર સમજાવવા અને માફી માંગવાના વિકલ્પની પણ અવગણના કરી અને ઓબીસી સમુદાયની લાગણીઓને સતત ઠેસ પહોંચાડી.નડ્ડાએ કહ્યું, “ગઈકાલે સુરત કોર્ટે રાહુલને ઓબીસી સમુદાય પ્રત્યેના વાંધાજનક નિવેદન માટે સજા સંભળાવી છે. પરંતુ રાહુલ અને કોંગ્રેસ પાર્ટી, તેમના ઘમંડના કારણે, હજુ પણ તેમના નિવેદનો પર અડગ છે અને સતત ઓબીસી સમુદાયની લાગણીઓને ઠેસ પહોંચાડી રહી છે.” આખો ઓબીસી સમુદાય લોકતાંત્રિક રીતે રાહુલ પાસેથી આ અપમાનનો બદલો લેશે.

ફડકા

ઘણા ઘણા ઉમ્કા,
થોડા થોડા ચુમ્કા.
ભરઉનાળે ધોધમાર,
માવઠા જેવા ડુસ્કા!!
વચ્ચે માખણ જેવા,
લગાવે મસ્ત મસ્કા !!
આજકાલ કીડી પર,
ખાબકતી રહે ઉલ્કા!!
સાધુ તો ચલતા ભલા,
શું કામ પૂછો મૂલ કા!!
ચલમ તો બુઝાઈ ગઈ,
શું કરી શકે છે ભડકા ??

ભરત વૈષ્ણવ
૨૪.૩.૨૦૨૩.

# રાજુ રદીને પરણાવવા સ્વયંવહુ યોજવાની તૈયારી!!!

“ગિરધરભાઇ. તમને મફતના ભાવે લગ્ન થાય એની માહિતી છે?” રાજુએ સવાલ પૂછ્યો.

“ રાજુ. કોને લગ્ન કરવું છે?” મેં પૂછ્યું.

“ગિરધરભાઇ. કોને એટલે મારે?” રાજુએ ગુસ્સો કરતા કહ્યું.

“રાજુ .તારે મફતના ભાવે લગ્ન કરવા માટે પાસપોર્ટ વિઝા કઢાવવા પડશે. બુલ્ગેરિયાના ક્લાઇડઝિ સમુદાય દ્વારા ભરાવવામાં આવે છે. સમુદાયના સિવાય કોઈ બહારની વ્યક્તિ દુલ્હન ખરીદી શકે નહિ. બજારમાં એવાજ પરિવાર હોય છે કે જે પોતાની દીકરીના લગ્ન કરવાની શક્તિ ધરાવતા ન હોય. બજારમાં છોકરીઓ એકલી નથી આવતી. તેની સાથે પરિવાર કોઈને કોઈ સભ્ય જરૂર હોય છે. આ જગ્યા પર દર વર્ષે ચાર વાર દૂલ્હનોનું બજાર ભરાય છે. અહીંયા આવીને વર પોતાની પસંદની દુલ્હન ખરીદીને પોતાની પત્ની બનાવી શકે છે. તમને જણાવી દઈએ કે આ મેળા એવા ગરીબ પરિવાર દ્વાર લગાવવામાં આવે છે, જેમની આર્થિક સ્થિતિ એવી નથી કે તે પોતાની દીકરીના લગ્નનો ખર્ચ ઉઠાવી શકે.આ બજારમાં છોકરીઓને દુલ્હનના કપડાંમાં સજાવીને લઈ જાય છે. વેચવા વાળી દુલ્હનોમાં લગભગ દરેક ઉંમરની છોકરી – મહિલા ભાગ લઇ શકે છે. અને અહિયાં દુલ્હન ખરીદવા માટે હંમેશા છોકરાની સાથે તેના પરિવારનાં સભ્યો પણ આવે છે. છોકરો પહેલા પોતાની પસંદની છોકરી નક્કી કરે છે, ત્યારબાદ તેમને વાત ચિત કરવાનો સમય આપવામાં આવે છે.છોકરી પસંદ આવવા પર છોકરો તેને પોતાની પત્ની તરીકે સ્વીકાર કરી લે છે, અને છોકરીના પરિવાર વાળાને નક્કી કરેલ રકમ આપવામાં આવે છે. દુલ્હન ખરીદવાનું ચલણ અહીંયા ઘણા વર્ષોથી ચાલી રહ્યું છે. અહિયાં આ બાબતે કોઈ કાનૂની રોક ટોક પણ નથી.”

“મારી પાસે રેશનકાર્ડ નથી તો પાસપોર્ટ ક્યાંથી હોય?” રાજુ નિરાશ થઇ બોલ્યો.

“ રાજુ. બલ્ગેરિયા ન પોસાય તો ગોળ ગધેડોનો મેળો છે.”

“ગિરધરભાઇ. શું કહ્યું? ગધેડો ગોળ?”

કેમ અલ્યા ગધેડા જેવી વાત કરે છે? ગધેડા ગોળ ન હોઇ શકે??”મેં રાજુને તતડાવ્યો.

“રાજુ. આ ભગોરિયા હાટબજાર માં મધ્યપ્રદેશના ઈન્દોરના આદિવાસી વિસ્તારો ધાર, ઝાબુઆ અને ખારગોનમાં ભાગોરિયા મેળા ખૂબ ધૂમધામ સાથે ઉજવવામાં આવે છે અને અહીંયા યુવક યુવતીઓ ભેગા થાય છે અને તેમજ આ યુવક-યુવતીઓ તેમના જીવનસાથીની શોધ માટે આવે છે અને તેમજ જેમાં પરસ્પર સંમતિ વ્યક્ત કરવાની રીત પણ ખૂબ જ અનોખી છે તેવું કહેવામા આવી રહ્યું છે અને લોકો અહીંયા ઘણા પ્રમાણમાં ભેગા થાય છે. આ મેળામાં સૌ પ્રથમ છોકરો છોકરીને પાન ખાવા માટે આપે છે અને ત્યારબાદ જો છોકરી પાન ખાય છે તો તે હા માનવામાં આવે છે અને ત્યારબાદ કહેવાય છે કે તે છોકરો અને છોકરી ભાગોરિયા હાટથી ભાગી જાય છે અને તેમજ બંને લગ્ન કરી લેતા હોય છે. મેળામાં પણ બીજો એક રિવાજ રીતે છોકરા અને છોકરીઓના લગ્ન કરવામાં આવે છે અને આમ જ કહેવામા આવી રહ્યું છે કે આપણે ગુલાલ એટલે કે રંગ નો ઉપયોગ હોળીના દિવસે જ કરવામાં આવે છે પણ અહીંયા કંઈક અલગ જ જોવા મળ્યું છે અને કહેવામા આવ્યું છે કે આ મેળામાં બીજો એક રસ્તો એ છે કે જો છોકરો અને છોકરી ગાલ પર ગુલાબી રંગ લગાવે છે અને તેના જવાબમાં છોકરી પણ છોકરાના ગાલ પર ગુલાબી રંગ લગાવે છે તો ત્યારબાદ માનવામાં આવે છે કે તે સંબંધ નિશ્ચિત માનવામાં આવે છે.” મેં રાજુને કહ્યું.

“ ગિરધરભાઇ . મેં સાંભળ્યું છે કે દસ રૂપિયામાં બહેનપણી એટલે ગર્લફ્રેન્ડ મળે છે?જેમ સુથારનું ચિત બાવળિયે હોય તેમ રાજુનું ચિત રૂપરમણી પર હોય.

“રાજુ. ચાઇનાના ગુઆન્ડોંગ પ્રાંતમાં, કોઈ પણ છોકરો ૧૦ રૂપિયા ખર્ચ કરી ૨૦ મિનિટ માટે ગર્લફ્રેન્ડ ભાડે મળે છે.તમે આ સમાચારથી નવાઈ પામ્યા હસો, પણ એવી એક જગ્યા છે જ્યાં છોકરાઓ સુંદર ગર્લફ્રેન્ડને શોધી શકે છે. જો જરૂર છે તો માત્ર ૧૦ રૂપિયા ચૂકવવા. હકીકત એ છે કે આ સમાચાર ભારતના પડોશી દેશ ચીન થી આવ્યો છે. દક્ષિણ ચીનમાં પ્રસિદ્ધ શોપિંગ કોમ્પ્લેક્સમાં એક સુંદર દશ્ય જોવા મળે છે.

કેટલીક સુંદર છોકરીઓ સરસ ડ્રેસ અને મેકઅપ સાથે એક દુકાનમાં ડિસ્પ્લે માં બેસાડેલી હોય છે. છોકરા તેમની પસંદગીની કોઈ પણ છોકરીને પસંદ કરીને આ છોકરીઓ ને તેની ગર્લફ્રેન્ડને બનાવી શકે છે. કન્યાઓ ૨૦ મિનિટ માટે તેમની ગર્લફ્રેન્ડ બની રહેશે અને દુકાન પર માત્ર ૧૦ રૂપિયા ભરવાના.તમારી પસંદગીના ગર્લફ્રેન્ડને પસંદ કર્યા પછી, છોકરાઓને ક્યુઆર કોડ આપવામાં આવશે, જે તેમને છોકરીના ફોનમાં સ્કેન કરવાનો હોય છે. કોડ સ્કેન કર્યા પછી, છોકરી આગામી ૨૦ મિનિટ માટે તેની ગર્લફ્રેન્ડ બનશે.તેઓ મોલમાં ગમે ત્યાં ફેરવી શકે છે. જો છોકરો ૨૦ મિનિટના અંત પહેલા ૧૦ રૂ. પાછા આપી દે તો સમય વધારી શકે છે. પરંતુ છોકરીને મૉલમાંથી બહાર લઈ જવાની કોઈ પરવાનગી નથી.ફક્ત ૧૦ રૂપિયામાં મળે છે ગર્લફ્રેંડ,ચીનમાં એક ખાસ પ્રકારનો મોલ આવેલો છે. જ્યાં ખુબજ સુંદર મોડલ ને રાખવામાં આવે છે. આ મોલ ચીન ના ગુઆંડોંગમાં આવેલ છે અને તે મોલનું નામ ધ વાઇરેલીટી સીટી ઓફ હ્યુઆન મોલ છે.

અહિયાં જે મોડલ ને રાખવામાં આવે છે કોઈ અપ્સરાથી કમ નથી હોતી. જે કોઈને પોતાના જીવન માં માં ખાલીપણું લાગે એ એમાંથી કોઈપણ છોકરી ને પોતાની ગર્લફ્રેન્ડ બનાવી શકે છે અને તે પણ ફક્ત ૧૦ રૂપિયા ચૂકવી ને. અહીં પુરુષો આવીને તેની મનપસંદ ગર્લફ્રેંડ પસંદ કરે છે અને ૧૦ રૂપિયા માં ૨૦ મિનિટ માટે તેને લઈ જાય છે. જો વિસ મિનિટ થી વધારે તેની સાથે સમય વિતાવવા હોય તો તેને વધારે પૈસા ચુકવવા પડે છે.આ મોલમાં પુરુષ તેમાંથી કોઈ પણ મહિલા ને ગર્લફ્રેંડ બનાવી ને લઈ જઈ શકે છે પણ તેની પહેલા તેને તેની શરતો માનવી પડે છે. પુરુષ તેને ૧૦ રૂપિયા માં ગર્લફ્રેંડ બનાવીને તેને એજ મોલ ફેરવવાની હોય છે. એટલુંજ નહીં પણ તમે એ શોપિંગ કરાવી શકો છો, મોડલ ને ફેરવી શકો છો પણ એની મરજી વિના તમે તેને અડકી શકતા નથી.”

મેં રાજુને વિગતવાર યોજના સમજાવી.

“ રાજુ જુના જમાનામાં રાજકુમારી સ્વયંવર યોજીને જીવનસાથી પસંદ કરતી હતી. તારી કુંવારપ કે વાંઢાપણુ લગ્નની વેદી પર કુરબાન કરવા સ્વયંવહુનું આયોજન કર. એમાત્ર આવેલી રાંડેલી , માંડેલી, છાંડેલી,છટકેલી, અટકેલી, ભટકેલી વીસથી સિતેર વરસની વિશાળ રેન્જમાંથી જીવનસાથી પસંદ કરજે!!!!”મેં કહ્યું.

રાજુ સ્વયંવહુની મધુર કલ્પના આકાશમાં ઉડયન કરવા લાગ્યો.

અમે રાજુની લીલ પરણાવવા તૈયાર છીએ!!!!!

ભરત વૈષ્ણવ
૨૪.૩.૨૦૨૩,

**સુમન કલ્યાણપુરનો જન્મ ૨૮મી જાન્યુઆરી ૧૯૩૭ ના દિવસે આજના બાંગ્લાદેશના ઢાકામાં થયો હતો**

**સુમન પાસે શાસ્ત્રીય સગીતનું પૂરું નોલેજ સારો મધુર અવાજ અને ક્ષમતા હોવા છતાં સુમનને પૂરતું કામ મળ્યું નહીં.પણ હિંમત હાર્યા વગર સુમને લતાના એકીચક્રી શાસન વખતે પોતાની કલા અને અવાજના દમ પર પોતાનું નામ ચમકતું કર્યું હતું**

**લતાને મળતો આવતો અવાજ હોવાથી ઘણા ગીતોમાં આપણને એમ થાય કે આ ગીત લતાએ ગાયું છે આ લતા સાથે સરખામણી સુમન માટે બહુ ખોટનો સોદો રહ્યો.**

**સુમને સંગીતકાર રવી રોશન લક્ષ્મીકાંત પ્યારેલાલ**

**કલ્યાણજી આણંદજી હેમંતકુમાર નૌશાદ શંકર જયકીશન ખ્યામ એસ.ડી બર્મન સાથે કામ કર્યું છે**



**સુમને ૧૯૬૦ ના દાયકામાં મોહમદ રફી સાથે ૧૪૦ યુગલગીતો ગાયા હતાં.**

**સુમને હિંદી ઉપરાંત ગુજરાતી મરાઠી બંગાળી ભાષાઓમાં ગીતી ગાયા છે સુમનના મરાઠી ગીતો ઉપરાંત ૫૦ કરતા વધારે ભક્તિગીતો ખુબ જ લોકપ્રિય નીવડ્યા હતા**

**સુમને મોહમદ રફી ઉપરાંત મન્ના ડે તલત મહેમુદ મુકેશ અને હેમંતકુમાર સાથે ગીતો ગાયા છે**

**સુમનના રફી સાથેના હિટ ગીતોમાં બ્રહ્મચારીનું "આજ કલ તેરે મેરે પ્યાર કે ચર્ચે હર જબાન પે’ શશિકપુર અને નંદાની જબ જબ ફુલ ખીલેનું " ના ના કરતે તુમ હી સે પ્યાર કર બેઠે "પર્વતો કે પેડો પર શમ્મીકપુરની જંગલીનું " તુમને પુકારા ઓર હમ ચલે આયે’ અને દિલને ફિર યાદ કિયા" નું ટાઈટલ ગીત સામેલ છે .સુમનના બીજા કેટલાક યાદગાર ગીતોમાં રાજેન્દ્રકુમારની સાથી ફિલ્મનું " મેરા પ્યાર ભી તું હે " મનમોહન દેસાઈની નસીબ ફિલ્મનું "જિંદગી ઈમતેહાન લેતી હે" પણ છે**

**૧૯૬૮ ની રેશમ કી દોરી ફિલ્મનું " બહેનાને ભાઈ કી કલાઈઓ પે પ્યાર બાંધા હે ’" આજે પણ દર રક્ષાબંધને રેડીઓ ટી વી પર ગુંજે છે**

**સુમને સંગીતકાર ઓ.પી .નેયરના સંગીતમાં રફી અને ગીતા દતની ફિલ્મ આરપારના લોકપ્રિય ગીત "-મોહબત કર લો અજી કિસને રોકા હે" ગીતમાં કેટલીક કડીઓ ગાવા મળી હતી આ ગીતમાં કોરસ ગાયક તરીકે સુમન પાસેથી વધુ સેવાઓ લેવામાં આવી હતી આ ઓ.પી .સાથે સુમનનું એક માત્ર ગીત છે**

**સુમને શો પ્રથમ ૧૯૫૪ ની મંગુ માટે ગીત ગાયું હતું ૧૯૬૦ ની મિયા બીબી રાજી ૧૯૬૨ની બાત એક રાત કી ૧૯૬૭ ની નૂરજહાં ૧૯૬૮ ની સાથી અને પાકિઝા માટે સુમને ગીતો ગાયા છે ૧૯૬૯ માં સુમને ન્યુયોર્કમાં એક જાહેર કાર્યક્રમ કર્યો હતો .સુમન ગાયિકા ઉપરાંત એક સારા ચિત્રકાર પણ છે**

**સુમનના લોકપ્રિય ગીતોની ટકાવારી ૭૦ ટકા જેટલી ઉંચી છે**

**સુમનને યોગ્ય તક અને પૂરતા ગીતો મળ્યા હોત તો કદાચ સુમનનું નામ ટોચની ગાયિકાઓમાં હજુ આગળ હોત.**

**અબ્બાસભાઈ કૌકાવાલા
સુરત.**

## હરિયાણાના અનેક જિલ્લાઓમાં ગાજવીજ અને વીજળીના ચમકારા સાથે વરસાદ

ચંડીગઢ,તા.૨૪

આજે પણ દેશના ઘણા રાજ્યોમાં વરસાદ પડ્યો છે. સવારે હરિયાણાના અનેક જિલ્લાઓમાં ગાજવીજ અને વીજળીના ચમકારા સાથે વરસાદ પડ્યો હતો. જેના કારણે તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. દેશના ઘણા રાજ્યોમાં હવામાનની પેટર્ન બદલાઈ ગઈ છે. હરિયાણાના ઘણા જિલ્લામાં આજે સવારે ભારે વરસાદ પડ્યો છે. ભારે પવન અને ગાજવીજ સાથે અનેક વિસ્તારોમાં વરસાદ પડ્યો છે. હવામાન વિભાગે પણ કરા પડવાની ચેતવણી જારી કરી છે. તે જ સમયે ઉત્તર પશ્ચિમ ભારતમાં ભારે પવન સાથે વરસાદ અને કરા પડી શકે છે તેવી પણ આગાહી કરાઈ છે. ૨૫-૨૭ માર્ચ દરમિયાન મધ્ય અને પૂર્વ ભારતમાં વરસાદની સંભાવના છે. આ સાથે ગુજરાતના કેટલાંક જિલ્લાઓમાં પણ કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. જેને પગલે ખેડૂતોમાં ફફડાટ વ્યાપી ગયો છે. કારણકે, આ માવઠાની મારના કારણે પાક નુકસાનીની ભીતિ સેવાઈ રહી છે.

ખાસ કરીને હવામાન વિભાગે ખેડૂતો માટે એડવાઈઝરી જારી કરી છે. દેશના કેટલાંક રાજ્યોમાં કમોસમી વરસાદની સંભાવના વ્યક્ત કરાઈ છે. ખાસ કરીને મધ્યપ્રદેશમાં આજે ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. ભોપાલ અને નર્મદાપુરમ વિભાગમાં ગાજવીજ સાથે વરસાદની સંભાવના છે. ધાર, બડવાની, સાગર, શાજાપુર, ખરગોન, દેવાસ, ઉમરિયા, અગર અને કટની જિલ્લામાં વરસાદની સંભાવના છે. ખેડૂતોના પાકને ફરી વાવાઝોડાની અસર થઈ શકે છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દિલ્હી-એનસીઆરમાં વાદળછાયું વાતાવરણ રહેશે. ૩૦-૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. દિલ્હી, નોઈડા સહિત ઘણા વિસ્તારોમાં હળવો વરસાદ થઈ શકે છે. રાષ્ટ્રીય રાજધાનીમાં લઘુત્તમ તાપમાન ૧૪.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સિઝનની સરેરાશ કરતાં બે ડિગ્રી ઓછું છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર શનિવાર અને રવિવારે મધ્યપ્રદેશ, છત્તીસગઢમાં વરસાદની સાથે કરા પડી શકે છે. તે જ સમયે, ઉત્તર ભારતમાં આગામી પાંચ દિવસ સુધી વરસાદી ગતિવિધિઓ રહેશે. અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલયમાં વરસાદની સંભાવના છે. યુપી-બિહારમાં આજે હળવો વરસાદ પડી શકે છે. કેટલીક જગ્યાએ કરા પણ પડી શકે છે. તે જ સમયે, આગામી પાંચ દિવસ સુધી તમિલનાડુ, તેલંગાણા, કેરળ અને કર્ણાટકમાં વરસાદ પડી શકે છે.

### મહારાષ્ટ્રમાં બનશે બંગાળી અને તેલગુ એકેડમી : અત્યાધુનિક મ્યુઝીયમનું નિર્માણ થશે

મુંબઇ,તા.૨૪

રાજ્યમાં હાલમાં મરાઠી, હિન્દી, સિંધી એકેડમી અસ્તીત્વમાં છે. જેઓ ખૂબ જ સુંદર રીતે કાર્યરત છે. તેથી હવે તેલગુ અને બંગાળી એકેડમીની પણ સ્થાપના કરવામાં આવશે એવી માહિતી રાજ્યના સાંસ્કૃતિક પ્રધાન સુધીર મુનગંટીવારે ગુરુવારે વિધાનસભામાં આપી હતી. સાંસ્કૃતિક બજેટના પ્રોવિઝન અંગે માંગવામાં આવેલ માહિતી અંગે વાત કરતા તેમણે આ ઘોષણા કરી હતી.

રાજ્યમાં સાંસ્કૃતિક વિભાગ હેઠળ અત્યાધુનિક મ્યુઝીમ ઊભુ કરવામાં આવશે એવી ઘોષણા પર મુનગંટીવારે કરી હતી. રાજ્યમાં હાલમાં નાના નાના સંગ્રહાલયો છે ત્યારે આ વિશાળ સંગ્રહાલય બનાવી ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાનું સંવર્ધન કરવાનો નિર્ણય સાંસ્કૃતિક વિભાગ દ્વારા કરવામાં આવ્યો છે.

ઉપરાંત તેલગુ અને બંગાળી ભાષા માટે ખાસ એકેડમી ઊભી કરી આ ભાષાઓ પણ રાજ્યના વિવિધ જિલ્લાઓ સુધી પહોંચાડવા માટે આ કામ હાથ ધરવામાં આવ્યું છે. એટલું જ નહીં પણ ગઢ-કિલ્લાઓના સંરક્ષણ માટે મહાવારસ સમિતિનું પણ ગઠન કરવામાં આવ્યું છે.

### ન્યાયપાલિકાની સ્વતંત્રતા માટે જરૂરી છે કે

# જજોની નિયુક્તિનો અંતિમ નિર્ણયનો હક સરકારની પાસે ન હોય : પૂર્વ ન્યાયમૂર્તિ દીપક ગુપ્તા

### જયારે હકીમ નક્કી કરશે તો ન્યાયપાલિકાની સ્વતંત્રતા શું રહી જશે

નવીદિલ્હી,તા.૨૪

સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ દીપક ગુપ્તાએ કહ્યું છે કે જજોની નિયુક્તિના મામલામાં કોલેજિયમના નવું વલણ એવું સંકેત આપી રહ્યાં છે કે હવે સુપ્રીમ કોર્ટ જજોની નિયુક્તિની ભલામણને મંજુરી આપવામાં સરકાર તરફથી વિલંબને વધુ ગંભીરતાથી લેશે.તેમણે કહ્યું કે એવું લાગે છે કે હવે અયોગ્ય વિલંબ પર સુપ્રીમ કોર્ટ કાર્યવાહી પણ કરી શકે છે.

એ યાદ રહે કે સુપ્રીમ કોર્ટ કોલેજિયમે સરકારને લખ્યું છે કે બીજીવાર નામ મોકલવા છતાં તેને રોકવા કે નજરઅંદાજ કરવાથી જજોની વરિષ્ઠતા ક્રમ ગડબડ થઇ જાય છે.આથી લંબિત નામોને તાકિદે મંજુરી આપવામાં આવે ન્યાયમૂર્તિ ગુપ્તાએ કહ્યું કે મોટાભાગના નામ તો સરકાર મંજુર કરી દે છે પરંતુ જ્યાં તેમના કેટલાક ખાનગી હિત હોય છે ત્યાં ફાઈલ અટકી જાય છે પરંતુ હવે લાગી રહ્યું છે કે સુપ્રીમ કોર્ટ સખ્ત પદલા ઉઠાવવા તરફ આગળ વધી રહ્યું છે.



કોલેજિયમને લઇ સરકાર કહે છે કે તેમાં પારદર્શિતાનો અભાવ છે આ બાબતમાં ન્યાયમૂર્તિ ગુપ્તાએ કહ્યું કે ન્યાયમૂર્તિ યુ યુ લલિત અને ન્યાયમૂર્તિ ડી વાય ચંદ્રચુડના કાર્યકાળમાં પારદર્શિતા સતત વધી રહી છે.તેમણે એ પણ સવાલ ઉઠાવ્યો કે એક તરફ સરકાર પારદર્શિતાની પણ માંગ કરે છે અને બીજી તરફ તેમનો મત જાહેર કરવા માટે સુપ્રીમ કોર્ટ પર સવાલ પણ ઉઠાવે છે.ન્યાયમૂર્તિ ગુપ્તાએ કહ્યું કે પહેલીની જેમ હવે એ થતું નથી કે અમુક વ્યક્તિને જજ બનાવવા માટે યોગ્ય જણાયા છે.હવે અનેક રીતની માહિતી સત્તાવાર નોંધવામાં આવે છે જેનાથી ખબર પડે છે કે ભલામણનો આધાર શું છે અને તેના પર સંબંધિત પક્ષોનું શું દ્રષ્ટિકોણ છે તમામ વાતો સરકારની પાસે પણ જાય છે.કોલેજિયમમાં સરકારનું પ્રતિનિધિ સામેલ કરવાની માંગ બાબતે ન્યાયમૂર્તિ ગુપ્તાએ કહ્યું કે મારા મતમાં આમ થાય તો કોઇ મુશ્કેલી નથી બસ નિયુક્તિ પર અંતિમ નિર્ણય કરવાનો હક ન્યાયપાલિકાની પાસે જ હોવો જોઇએ આ હક સરકારની પાસે ગયો તો ન્યાયપાલિકાની સ્વતંત્રતા માટે યોગ્ય રહેશે નહીં કારણ કે લગભગ ૬૦ ટકા કેસમાં સરકાર એક પક્ષ છે જે મુદ્દો છે.જયારે હકીમ નક્કી કરશે તો ન્યાયપાલિકાની સ્વતંત્રતા શું રહી જશે.

## મધ્ય પ્રદેશ અને છત્તીસગઢમાં ભૂકંપના કારણે ધરતી ધ્રૂજી

ભોપાલ,તા.૨૪

મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં આજે સવારે ભૂકંપના આંચકા અનુભવાયા છે. રિક્ટર સ્કેલ પર આંચકાની તીવ્રતા ૪.૦ હતી. કહેવામાં આવી રહ્યું છે કે ભૂકંપ સવારે ૧૦: ૩૧ વાગ્યે આવ્યો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, ભૂકંપનું કેન્દ્ર જમીનથી ૧૦ કિમી દૂર ગ્વાલિયરથી ૨૮ કિમી દૂર હતું. બીજી તરફ છત્તીસગઢના અંબિકાપુર સહિત આસપાસના વિસ્તારોમાં સવારે ૧૦.૩૯ કલાકે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. તેનું કેન્દ્ર સૂરજપુરના ભાટગાંવથી ૧૧ કિમી દૂર હોવાનું કહેવાય છે.

છત્તીસગઢના સૂરજપુર જિલ્લામાં આજે ભૂકંપના આંચકા અનુભવાયા છે. સવારે ૧૦:૨૮ વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાતા લોકો ઘરની બહાર નીકળી ગયા હતા. દરવાજા, બારી અને પંખા ઝડપથી હલવાને કારણે લોકોમાં ગભરાટ ફેલાયો છે. ભૂકંપની તીવ્રતા ૫.૦ આંકવામાં આવી છે.

ભૂકંપનું કેન્દ્ર સૂરજપુરના ભાટગાંવથી ૧૧ કિમી દૂર હતું. ગીરજાપુરમાં ૨ થી ૩ સેકન્ડ સુધી ભૂકંપના આંચકા અનુભવાયા હતા. અંબિકાપુર, રામાનુજ નગરમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂસ્તરશાસ્ત્રી અનુસાર, ભૂકંપ પૃથ્વીની સપાટીથી લગભગ ૬૬ કિલોમીટર દૂરથી આવ્યો છે. જો કે આ ભૂકંપ માત્ર થોડીક સેકન્ડનો હતો, પરંતુ તેના કારણે સુરગુજાના રહેવાસીઓમાં ભયનો માહોલ છે.

NEWS OF GANDHINAGAR_P-2

# એમસીએક્સ પર બુલિયન ઓપ્શન્સમાં ઓલ ટાઈમ હાઈ ટર્નઓવર નોંધાયું

## સોના-ચાંદીના વાયદાના ભાવમાં તેજીની આગેકૂચઃ કોટન-ખાંડીમાં રૂ.૪૪૦નો ઘટાડોઃ ક્રૂડ તેલના વાયદાના ભાવમાં સેંકડા ઘટ્યાઃ મેન્થા તેલ પણ ઢીલુઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૨,૪૦૯ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૨૦૧૫૪.૭ કરોડનું ટર્નઓવરઃ બુલડેક્સ વાયદામાં રૂ.33 કરોડનાં કામકાજ




ડેઈલી માર્કેટ રિપોર્ટ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે પ્રથમ સત્ર સુધીમાં ૩,૮૩,૮૪૩ સોદાઓમાં કુલ રૂ.૩૨,૫૯૭.૪૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧૨,૪૦૯.૨૯ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૨૦૧૫૪.૭ કરોડનો હતો.

દરમિયાન, ગુરૂવાર, ૨૩ માર્ચના પૂરા સત્રમાં બુલિયન ઓપ્શન્સમાં રૂ.૧૨,૬૬૩ કરોડનું ઓલ ટાઈમ હાઈ ટર્નઓવર જોવા મળ્યું હતું. સોનાનો ૧ કિલોગ્રામનાં ઓપ્શન્સ કોન્ટ્રેક્ટમાં રૂ.૧૧,૨૨૮ કરોડનાં ઉચ્ચતમ કામકાજ થયાં હતાં અને આ સાથે જ સોનાના ૧ કિલોગ્રામનાં ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ્સમાં ૯.૯ મે.ટનનો ઉચ્ચતમ ઓપન ઈન્ટરેસ્ટ નોંધાયો હતો.

શુક્રવારે પ્રથમ સત્ર સુધીમાં કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૧,૦૨,૧૬૫ સોદાઓમાં રૂ.૮,૧૬૩.૬૭ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯,૪૯૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૮૮૩ અને નીચામાં રૂ.૫૯,૨૫૮ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૦૨ વધી રૂ.૫૯,૬૬૭ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની માર્ચ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩૫૭ વધી રૂ.૪૭,૪૩૧ અને ગોલ્ડ-પેટલ માર્ચ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૪૮ વધી રૂ.૫,૮૬૮ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૦ વધી રૂ.૫૯,૫૯૬ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૦,૦૯૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૦,૮૬૬ અને નીચામાં રૂ.૬૯,૯૧૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૯૩ વધી રૂ.૭૦,૫૦૫ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૩૩૫ વધી રૂ.૭૦,૪૫૭ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૩૩૭ વધી રૂ.૭૦,૪૬૩ બોલાઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૬,૫૨૦ સોદાઓમાં રૂ.૨,૨૮૦.૮૨ કરોડના વેપાર થયા હતા. તાંબુ માર્ચ વાયદો રૂ.૭૮૫.૭૦ના ભાવે ખૂલી, રૂ.૨.૫૦ ઘટી રૂ.૭૮૦.૯૫ જ્યારે એલ્યુમિનિયમ માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૦ ઘટી રૂ.૨૦૩.૬૫ તેમ જ સીસું માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૦.૭૦ ઘટી રૂ.૧૮૧ના ભાવ થયા હતા. જસત માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૨.૨૫ ઘટી રૂ.૨૫૪ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની માર્ચ વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૨૦ ઘટી રૂ.૨૦૪ સીસુ-મિની માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૦.૭૦ ઘટી રૂ.૧૮૦.૮૫ જસત-મિની માર્ચ વાયદો રૂ.૧.૯૫ ઘટી રૂ.૨૫૩.૯૫ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૫૬,૩૩૮ સોદાઓમાં રૂ.૧,૯૩૪.૮૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૫,૭૫૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૮૧૨ અને નીચામાં રૂ.૫,૫૩૭ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૩૩ ઘટી રૂ.૫,૫૫૭ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૨૨૯ ઘટી રૂ.૫,૫૬૩ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૮૦ના ભાવે ખૂલી, રૂ.૨.૮૦ વધી રૂ.૧૮૧.૪૦ અને નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો ૨.૬ વધી ૧૯૫ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૨૯.૯૯ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી એપ્રિલ વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૬૧,૦૪૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૧,૧૦૦ અને નીચામાં રૂ.૬૦,૮૪૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૪૦ ઘટી રૂ.૬૦,૯૨૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ માર્ચ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૯ ઘટી રૂ.૯૮૩.૧૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૪,૭૭૭.૫૩ કરોડનાં ૮,૦૦૪.૨૮૨ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૩,૩૮૬.૧૪ કરોડનાં ૪૮૦.૬૭૯ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૧,૧૫૪.૯૨ કરોડનાં ૨૦,૪૧,૩૧૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૭૭૯.૮૯ કરોડનાં ૪,૧૮,૧૮,૨૫૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૪૦૯.૯૬ કરોડનાં ૧૯,૯૩૨ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૫૬.૮૯ કરોડનાં ૩,૧૨૩ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૧,૩૫૪.૧૯ કરોડનાં ૧૭,૩૬૮ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૪૫૯.૭૮ કરોડનાં ૧૭,૮૯૨ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૮.૨૧ કરોડનાં ૧,૩૪૪ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૨૧.૭૮ કરોડનાં ૨૧૬.૭૨ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૨૪,૨૪૯.૪૨૩ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૫૯.૯૪૬ ટન, તાંબાના વાયદાઓમાં ૧૪,૭૫૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૨,૫૨૭ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૩,૮૬૦ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૦,૬૩૭ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧૧,૯૯,૮૬૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૫,૫૨,૬૨,૨૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૨,૮૬૪ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૩૬૬.૮૪ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૩૩.૪૩ કરોડનાં ૪૧૩ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૫૪૮ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ માર્ચ વાયદો ૧૬,૧૫૪ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૨૮૫ અને નીચામાં ૧૬,૧૧૨ બોલાઈ, ૧૭૩ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૪૩ પોઈન્ટ વધી ૧૬,૨૨૧ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૨૦૧૫૪.૭ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૬૫૨૧.૫૭ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૫૯.૨૧ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૧૧૧૫૭.૮૭ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૨૦૧૫.૪૫ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૪૩૮.૭૪ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૫,૮૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૫૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૭૩ અને નીચામાં રૂ.૧૭૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮૧.૪૦ ઘટી રૂ.૧૭૯.૬૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૧૮૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩.૦૫ ખૂલી, ઉપરમાં રૂ.૪.૬૦ અને નીચામાં રૂ.૧.૪૫ રહી, અંતે રૂ.૦.૩૦ વધી રૂ.૪.૦૫ થયો હતો.

સોનું માર્ચ રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૩૮ અને નીચામાં રૂ.૬૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૮ વધી રૂ.૧૮૪ થયો હતો, જ્યારે સોનું-મિની માર્ચ રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૩ ખૂલી, ઊપરમાં રૂ.૨૩૦ અને નીચામાં રૂ.૬૧ રહી, અંતે રૂ.૩૫.૫૦ વધી રૂ.૧૮૬.૫૦ થયો હતો.

ચાંદી એપ્રિલ રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૨૫૫.૫૦ના ભાવે ખૂલી, રૂ.૧૭૭ વધી રૂ.૧,૫૫૯.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની એપ્રિલ રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૮૬૮ના ભાવે ખૂલી, રૂ.૧૯૭ વધી રૂ.૨,૧૪૪ થયો હતો. તાંબુ એપ્રિલ રૂ.૭૮૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨.૦૯ વધી રૂ.૧૨.૯૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોન્ટ્રેક્ટ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૫,૫૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૬૫.૧૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૭૭.૫૦ અને નીચામાં રૂ.૧૫૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૧૪.૧૦ વધી રૂ.૨૬૪.૭૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૧૮૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩.૮૦ ખૂલી, ઉપરમાં રૂ.૪.૪૦ અને નીચામાં રૂ.૧.૮૫ રહી, અંતે રૂ.૨.૧૫ ઘટી રૂ.૨.૮૦ થયો હતો.

સોનું માર્ચ રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૦૪ અને નીચામાં રૂ.૪૧.૫૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૮.૫૦ ઘટી રૂ.૫૫ થયો હતો, જ્યારે સોનું-મિની માર્ચ રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૯૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૯૦ અને નીચામાં રૂ.૬૪ રહી, અંતે રૂ.૮૫.૫૦ ઘટી રૂ.૯૮ થયો હતો.

ચાંદી એપ્રિલ રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૯૩૬ના ભાવે ખૂલી, રૂ.૬૯ ઘટી રૂ.૧,૮૮૧.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની એપ્રિલ રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૯૪૯ના ભાવે ખૂલી, રૂ.૧૭૮.૫૦ ઘટી રૂ.૧,૬૫૫ થયો હતો. તાંબુ એપ્રિલ રૂ.૭૮૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨.૪૬ વધી રૂ.૧૮.૮૦ થયો હતો.

### ભાજપ મુસ્લિમોને લલચાવશે

# મન કી બાતના ૧૨ એપિસોડનું ઉર્દૂમાં અનુવાદ કરી તેને એક પુસ્તક તરીકે પ્રકાશિત કરશે

## ઉત્તરપ્રદેશના મદરેસા, ઉલમા અને અન્ય ઇસ્લામી વિદ્વાનોની વચ્ચે ભેટ તરીકે વિતરીત કરવાની તૈયારી કરી રહી છે

નવીદિલ્હી,તા.૨૪

ભાજપ રમજાન દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રેડિયો કાર્યક્રમ મન કી બાતમાં કરવામાં આવેલા સંબોધનોના સંકલનને ઉર્દૂ પુસ્તકનું સ્વરૂપ આપી તેનો ઉત્તરપ્રદેશના મદરેસા,ઉલમા અને અન્ય ઈસ્લામી વિદ્વાનોની વચ્ચે ભેટ તરીકે વિતરીત કરવાની તૈયારી કરી રહી છે.આ પગલાને આગામી લોકસભા ચુંટણીને લઇ મુસલમાનોમાં પોતાની પકકડ બનાવવાની યોજના તરીકે જોવામાં આવી રહી છે.

ઉત્તરપ્રદેશ ભાજપ લઘુમતિ મોરચાના અધ્યક્ષ કુંવર બાસિત અલીએ કહ્યું કે વડાપ્રધાનના રેડિયો કાર્યક્રમ મન કી બાતના વર્ષ ૨૦૨૨ના ૧૨ એપિસોડનું ઉર્દૂમાં અનુવાદ કરી તેને એક પુસ્તક તરીકે પ્રકાશિત કરવા જઇ રહી છે જાન્યુઆરી ૨૦૨૨થી ડિસેમ્બર ૨૦૨૨ સુધીની કડીઓને તેમાં સામેલ કરવામાં આવશે તાબિશ ફરીદે આ એપિસોડોનું અનુવાદ કર્યુ છે.

તેમણે કહ્યું કે હજુ આ પુસ્તક તૈયાર કરવામાં આવી રહ્યુ છે.ઉર્દૂમાં અનુવાદ કરવામાં આવ્યું છે અને આશા છે કે રમજાન દરમિયાન આ પુસ્તરને તૈયાર કરી છપાવવામાં આવશે

અલીએ કહ્યું કે આ પુસ્તકમાં જાણિતા ઉલમાના સંદેશોને પણ એકત્ર કરી પ્રકાશિત કરવામાં આવશે.તેમણે કહ્યું કે દારૂલ ઉલુમ દેવબંધ અને નદવતુલ ઉલમા જેવા વિશ્વ વિખ્યાત ઈસ્લામી શિક્ષણ સંસ્થાનોના પ્રમુખો ઈસ્લામિક સેંટર ઓફ ઈન્ડિયાના રહનુમા મૌલાના ખાલિદ રશીદ ફરંગી મહલી અને મુખ્ય શિયા ધર્મગુરૂ મૌલાના કલ્બે જવાદ સહિત અનેક જાણિતા મુસ્લિમ વિદ્વાનોથી શુભકામના સંદેશ માટે સંપર્ક કરવામાં આવશે અલીએ કહ્યું કે આ પુસ્તકની એક લાખ કોપી છપાવવામાં આવશે.આ પુસ્તકનું વેચાણ માટે ઉપલબ્ધ રહેશે નહીં પરંતુ તેને ઉત્તરપ્રદેશના મુસ્લિમ બહુમતિવાળા વિસ્તારોમાં ભેટમાં આપવામાં આવશે

પ્રદેશ ભાજપના લઘુમતિ મોરચાના કાર્યકર્તા પોત પોતાના ક્ષેત્રમાં મુખ્ય મગરેસા,ઈસ્લામી વિદ્વાનો ઉર્દૂ શિક્ષકો અને ઉલમા સુધી આ પુસ્તકને ભેટ તરીકે પહોંચાડવામાં આવશે.તેમણે કહ્યું કે આ પુસ્તકને પ્રકાશિત કરી મફતમાં વિતરિત કરાવવાનો હેતુ વડાપ્રધાનની વિચારધારાને મુસ્લિમ સમાજની વચ્ચે વ્યાપાક રીતે ફેલાવવાનો છે અનેકવાર એવું થાય છે કે મુસ્લિમ સમાજના લોકો વડાપ્રઘાનની મન કી બાત સાંભળી શકતા નથી જયારે તેમાં હમેશા સમાજની ભલાઇ માટે કોઇ ઉડો સંદેશ પુછાયેલો હોય છે.અલીએ કહ્યું કે મને લાગે છે કે જે લોકો વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મન કી બાત કાર્યક્રમ સાંભળી શકતા નથી તેમના સુધી વડાપ્રધાનની વાતને પહોંચાડવા આ પુસ્તક એક સારૂ માધ્યમ બનશે.

એ યાદ રહે કે મુસલમાનોને જોડવા માટે ભાજપ દ્વારા સંમેલનોને કરવામાં આવશે ત્યારબાદ આગામી એપ્રિલ મહીનાથી પશ્ચિમી ઉત્તરપ્રદેશના મુસ્લિમ બહુમતિવાળા ક્ષેત્રોમાં સ્નેહ મિલન એક દેશ એક ડીએનએ સંમેલનોની તૈયારી કરી રહી છે.

## હિંડનબર્ગે જેક ડોર્સીની પેમેન્ટ ફર્મ બ્લોક ઈક્રના મેનેજમેન્ટ સાથે સંકળાયેલા ઘણા લોકો સામે ઘણા ગંભીર આરોપો મૂક્યા

વોશિંગ્ટન,તા.૨૪

અદાણી બાદ અમેરિકાની શોર્ટ સેલર ફર્મ હિંડનબર્ગે ફરી એકવાર ખુલાસો કર્યો છે. આ વખતે હિંડનબર્ગે પોતાના રિપોર્ટમાં ટ્વિટરના ભૂતપૂર્વ સીઈઓ જેક ડોર્સીની કંપની બ્લોક ઈક્ર પર ગંભીર આરોપ લગાવ્યા છે. આમાં હિંડનબર્ગ તેના રિપોર્ટમાં વારંવાર એક ભારતીય મહિલાનું નામ લઈ રહ્યા છે. આખરે કંપની વારંવાર આ મહિલાનું નામ કેમ લઈ રહી છે?

તમને જણાવી દઈએ કે, હિંડનબર્ગે જેક ડોર્સીની પેમેન્ટ ફર્મ બ્લોક ઈક્રના મેનેજમેન્ટ સાથે જોડાયેલા ઘણા લોકો પર ઘણા ગંભીર આરોપ લગાવ્યા છે. આમાં એક નામ છે અમૃતા આહુજાનું. અમૃતા આહુજા પર આરોપ છે કે તેણે કંપનીના શેર ડમ્પ કર્યા છે. તેના પર શેરની હેરાફેરીના ગંભીર આરોપોનો સામનો કરવો પડી રહ્યો છે.અમૃતા આહુજા ભારતીય-અમેરિકન મૂળની મહિલા છે. તેઓ હાલમાં બ્લોક ઈક્રમાં મુખ્ય નાણાકીય અધિકારી એટલે કે સીએફઓ તરીકે પોસ્ટેડ છે. તેણે લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ, ડ્યુક યુનિવર્સિટી અને હાર્વર્ડ બિઝનેસ સ્કૂલ જેવી યુનિવર્સિટીઓમાં અભ્યાસ કર્યો છે. તેઓ વર્ષ ૨૦૧૯માં બ્લોક ઈક્ર કંપનીમાં જોડાયા અને વર્ષ ૨૦૨૧માં જોક ડોર્સીની કંપનીએ તેમને સીએફઓ બનાવ્યા.

અમૃતા આહુજાએ ૨૦૦૧માં મોર્ગન સ્ટેન્લી સાથે ઈન્વેસ્ટમેન્ટ બેક્કર તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. ધ વોલ સ્ટ્રીટ જર્નલના અહેવાલ મુજબ, અમૃતા આહુજા ભારતીય મૂળની છે અને તેના માતા-પિતા ક્લેવલેન્ડમાં ડે-કેર સેન્ટરના માલિક હતા.

તમને જણાવી દઈએ કે હિંડનબર્ગે પોતાના નવા ખુલાસામાં બ્લોક ઈક્રના સ્થાપક અમૃતા આહુજા – જેક ડોર્સી અને જેમ્સ મેકકેલ્વે અને તેમની ૩ લાખ કરોડની પેમેન્ટ કંપની બ્લોક ઈક્ર.ના લીડ મેનેજર બ્રાયન ગ્રાસ્ડોનિયા પર ડમ્પિંગનો આરોપ લગાવ્યો છે. શેરોમાં મિલિયન ડોલર. હિંડનબર્ગે પોતાના રિપોર્ટમાં એમ પણ કહ્યું છે કે જેક ડોર્સી અને વરિષ્ઠ અધિકારીઓએ બીજાની પરવા કર્યા વિના પહેલા તેમની સુરક્ષા સુનિશ્ચિત કરી છે.આ પહેલા ૨૪ જાન્યુઆરીએ હિંડનબર્ગે પણ અદાણી ગ્રુપ પર ગંભીર આરોપ લગાવ્યા હતા.

## બાંગ્લાદેશ ચીનથી લોન લેવાને લઈને સતર્ક છે :બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીના

ઢાકા,તા.૨૪

બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાએ જણાવ્યું છે કે તેમની સરકાર ચીનની સાથે વિકાસ ભાગીદારીને લઇ ખુબ વધુ સતર્ક છે અને ઢાકા વિદેશી સહાયતા માટે કોઇ દેશ વિશેષ પર નિર્ભર નથી એ યાદ રહે કે દુનિયાભરમાં નાના દેશો પર ચીનના વધતી લોનને લઇ ચિંતાની સ્થિતિ છે.શ્રીલંકા દ્વારા હમ્બનટોટા બંદરગાહ ૯૯ વર્ષના પટ્ટા પર ચીનને આપી દીધા બાદ ચીનની મહત્વકાંક્ષી બેલ્ટ એન્ડ રોડ પહેલ અને નાના દેશોમાં અરબો ડોલરની ખર્ચવાળી મહત્વપૂર્ણ બુનિયાદી માળખા પરિયોજનાઓમાં ચીન દ્વારા સહાયતા માટે જવાની કુપ્રભાવને લઇ ચિંતા વધી છે.હસીનાએ કહ્યું કે અમે લોન લેવાના મામલામાં ખુબ સતર્ક છે.મોટાભાગે અમે વિશ્વ બેંક કે એશિયાઇ વિકાસ બેંક જેવી સંસ્થાઓથી લોન લઇએ છીએ ચીનથી અમે ખુબ ઓછી લોન લીધી છે આ શ્રીલંકા કે અન્ય દેશો જેવી નથી સત્તારૂઢ અવામી લીગની અધ્યક્ષ હસીનાએ કહ્યું કે અમે કોઇ પર નિર્ભર નથી એ પુછવા પર કે અમેરિકાને એવું કેમ લાગે છે કે બાંગ્લાદેશ ચીનની નજીક જઇ રહ્યું છે અને તેઓ આ બાબતમાં શું કહેવામાં ઇચ્છે છે તો વડાપ્રધાન હસીનાએ જવાબ આપ્યો કે બાંગ્લાદેશ તે તમામ દેશોની ખુબ નજીક છે જે તેમના વિકાસના પ્રયાસોને સમર્થન કરે છે.હસીનાએ કહ્યું કે અમે બધાની નજીક છીએ ચીન,અમેરિકા,ભારત જે અમારા વિકાસનું સમર્થન કરી રહ્યાં છીએ અમે તેમની સાથે છીએ.

## ટીમ ઈન્ડિયાના આ ૬ સ્ટાર ખેલાડીઓની કારકિર્દી ખતમ, ગુમનામીના અંધકારમાં ડૂબી ગઇ જિંદગી

મુંબઇ,તા.૨૪

ભારતીય ક્રિકેટ ઈતિહાસના આ ૬ સ્ટાર ખેલાડીઓનું જીવન ગુમનામીના અંધકારમાં ડૂબી ગયું છે. ટીમ ઈન્ડિયામાં ૬ ભારતીય ક્રિકેટરોને રમવાની તક ઓછી મળી છે. કોઈએ વિચાર્યું પણ નહીં હોય કે ટીમ ઈન્ડિયાના ૬ સ્ટાર ખેલાડીઓની કારકિર્દી આટલી જલ્દી ખતમ થઈ જશે. ભારતીય ક્રિકેટ ઈતિહાસના આ ૬ સ્ટાર ખેલાડીઓનું જીવન વિસ્મૃતિના ડૂબી ગયું છે. ૬ ભારતીય ક્રિકેટરો એવા હતા જેમને ટીમ ઈન્ડિયામાં રમવાની તક મળી હતી, પરંતુ તેમની કારકિર્દી સમય પહેલાં ખતમ થઈ ગઈ હતી. જે ક્રિકેટરોની કારકિર્દી ખતમ થઇ થઇ છે તેમાં

વીઆરવી સિંહને ભારતીય ટીમમાં બેટિંગ ઓલરાઉન્ડર તરીકે તક મળી. સ્થાનિક ક્રિકેટમાં તેનો રેકોર્ડ બહુ સારો નહોતો. પરંતુ તે પછી પણ ફાસ્ટ બોલિંગ ઓલરાઉન્ડર હોવાને કારણે તેને ટીમમાં રમવાની તક મળી. જેનો તે લાભ લઈ શક્યો નહોતો. વીઆરવી સિંહે ભારતીય ટીમ માટે ૫ ટેસ્ટ મેચ રમી હતી. જેમાં તેણે બેટ વડે માત્ર ૧૧.૭૫ની એવરેજથી ૪૭ રન બનાવ્યા હતા. જ્યારે બોલ સાથે તેણે ૫૩.૩૮ની એવરેજથી માત્ર ૮ વિકેટ લીધી હતી. ૨ વનડેમાં એક પણ વિકેટ લીધી ન હતી અને બેટ વડે માત્ર ૮ની એવરેજથી ૮ રન બનાવ્યા હતા. વિક્રમ સિંહને આઈપીએલમાં પણ રમવાની તક મળી, પરંતુ ત્યાં પણ તે બેટ અને બોલ બંનેથી સારું પ્રદર્શન કરવામાં નિષ્ફળ રહ્યો. જેના કારણે તેની કારકિર્દી ખૂબ જ ટૂંકી રહી. પરંતુ તે પછી પણ તેને ભૂતપૂર્વ ભારતીય ખેલાડીનો ટેગ મળી ગયો છે.

વિનોદ કાંબલી ભારતના પ્રતિભાશાળી ક્રિકેટર રહ્યા છે, પરંતુ વિનોદ કાંબલીની આંતરરાષ્ટ્રીય કારકિર્દી ૧૭ ટેસ્ટ મેચ અને ૧૦૪ વનડે રમી શક્યો છે. સ્કૂલ ક્રિકેટમાં વિનોદ કાંબલી અને સચિન તેંડુલકર વચ્ચે ૬૬૪ રનની ભાગીદારી થઈ હતી. આ પછી આ બંને ખેલાડી ચર્ચામાં આવ્યા હતા. ૧૯૯૬ના વર્લ્ડ કપમાં ભારત ટૂર્નામેન્ટમાંથી શરમજનક રીતે બહાર થઈ ગયું હતું. કોલકાતામાં ચાલી રહેલી સેમિફાઈનલમાં કાંબલી બેટિંગ કરી રહ્યો હતો ત્યારે લોકોએ ભારતની હાર જોઈને મેદાન પર બોટલો અને અન્ય વસ્તુઓ ફેંકવાનું શરૂ કરી દીધું હતું. શ્રીલંકાની ટીમ પેવેલિયન પરત ફરી હતી.

ફાસ્ટ બોલર સુદીપ ત્યાગીને પણ ભારતીય ટીમમાં રમવાની તક મળી છે. તેણે ડોમેસ્ટિક ક્રિકેટ અને આઈપીએલમાં પણ ખાસ પ્રદર્શન કર્યું ન હતું. પરંતુ તે પછી પણ તેને ભારતીય ટીમમાં રમવાની તક મળી. સુદીપ ત્યાગીએ ભારતીય ટીમ માટે ૪ વનડેમાં ૪૮ની એવરેજથી માત્ર ૩ વિકેટ લીધી હતી. જ્યારે ૧_૨૦ મેચમાં તેણે ૧૦.૫ના ઈકોનોમી રેટથી ૨ન આપ્યા અને એક પણ વિકેટ તેના નામે કરી ન હતી. આ રીતે તેને રમવાની તક મળી જ્યારે તે સમયે તે ટીમમાં સ્થાન માટે લાયક ન હતો. ત્યાગી આઈપીએલમાં ચેન્નાઈ સુપર કિંગ્સ તરફથી રમે છે.

મન્નવા પ્રસાદ પણ ભારતીય ટીમ માટે રમ્યા હતા પરંતુ તેના પ્રદર્શન પર નજર કરીએ તો તે બહુ સારું કરી શક્યો નથી. તેના ખરાબ પ્રદર્શન છતાં તેને ટીમમાં તકો મળતી રહી. જેનું એક કારણ વિકેટકીપર બેટ્સમેન હતો. જેનો તેમને ફાયદો થયો ન હતો. એમએસકે પ્રસાદ તરીકે જાણીતા મન્નાવાએ ભારત માટે ૬ ટેસ્ટ મેચમાં ૧૧.૭૮ની એવરેજથી ૧૦૬ રન બનાવ્યા હતા. જે બાદ તેણે ૧૭ વનડેમાં ૧૪.૫૬ની એવરેજથી ૧૩૧ રન બનાવ્યા. જેમાં એક અડધી સદી પણ સામેલ હતી. જે બાદ સ્પષ્ટ થશે કે તેણે અન્ય ઈનિંગ્સમાં કેટલા રન બનાવ્યા હતા. જે બાદ તે ભારતીય ટીમનો મુખ્ય પસંદગીકાર પણ બન્યો હતો. જે ખેલાડી ટીમમાં રમવા માટે યોગ્ય ન હતો. તે મુખ્ય પસંદગીકાર બન્યો. જેના કારણે ઋઝેૈં પણ ઘણું ટ્રોલ થયું હતું.અન્ય એક ઝડપી બોલર જેને ચેન્નાઈ સુપર કિંગ્સના ક્વોટામાંથી ભારતીય ટીમમાં પ્રવેશ મળ્યો હતો. આ સમયે મહેન્દ્ર સિંહ ધોનીની નજીક હોવાને કારણે ગોની ભારતીય ટીમમાં રમતા જોવા મળ્યા હતા. ડોમેસ્ટિક ક્રિકેટ અને આઈપીએલમાં તેનું પ્રદર્શન ક્યારેય સતત સારું નહોતું. મનપ્રીત ગોનીએ ભારતીય ટીમ માટે ૨ વનડે રમી હતી. જેમાં તેણે ૩૮ની એવરેજથી ૨ વિકેટ ઝડપી હતી. જ્યારે આઈપીએલમાં તેણે ૪૪ મેચમાં માત્ર ૩૭ વિકેટ લીધી હતી. ગોની ડોમેસ્ટિક ક્રિકેટમાં પંજાબ તરફથી રમતા જોવા મળ્યો હતો.

પૂર્વ ભારતીય બેટ્સમેન અતુલ બેદાડે જે સિક્સર મારવા માટે પ્રખ્યાત હતા, તે પોતાના સમયના વિસ્ફોટક બેટ્સમેન હતા. અતુલ બેદાડેનું આંતરરાષ્ટ્રીય ક્રિકેટ લાંબું ટકી શક્યું નહીં. અતુલ બેદાડે ૧૩ વનડેમાં માત્ર ૧૫૮ રન બનાવી શક્યો અને ટીમમાંથી બહાર થઈ ગયો. અતુલ બેદાડે આ ૧૩માંથી એક મેચમાં અડધી સદી પણ ફટકારી શક્યો નથી. આ પછી તે ફરીથી ટીમ ઈન્ડિયામાં પરત ફરી શક્યો નહોતો. ફર્સ્ટ ક્લાસ કરિયરની વાત કરીએ તો તેણે કુલ ૬૪ મેચ રમી અને આ દરમિયાન અતુલ બેદાડેએ ૩૧૩૬ રન બનાવ્યા.

NEWS OF GANDHINAGAR_P-3



ગુજરાત સરકાર ના પશુપાલન વિભાગ દ્વારા ચાલતું અને emri green health services દ્વારા સંચાલિત દસ ગામ દીઠ ફરતું પસુ દવાખાનું દ્વારા બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકાના સેરગઢ ઓઢવા ગામ માં થી ૧૯૬૨ પર કોલ આવ્યો કે એક ગાય છે અને તે ના આગળના બે પગ વચ્ચે હૃદય ની બાજુના ભાગમાં લોખંડનો ૨ ફુટ લાંબો ખીલો ઘૂસી જતાં લોહી વહે છે અને ગાય જમીન દસ્ત પડી ગઈ છે તો ૧૯૬૨ ની ડેરી લોકેશન ની ટીમ તરત જ ત્યાં પહોંચી અને હાદસાનુ નીરષણ કર્યું ત્યારબાદ પસુ ચિકિત્સક ડૉ કલ્પેશ ગુર્જર અને પાયલોટ કમ ડ્રૈસર પ્રકાશ ભાઈ રાવળ દ્વારા ગણી મહેનત બાદ ગાય નું ઓપરેશન કરીને તેનો જીવ બચાવ્યો આ બદલ ગાય ના માલિક પીરાભાઈ મનાજી માલોતરીયા દ્વારા ૧૯૬૨ ની ટીમ તેમજ ગુજરાત સરકાર નો ખૂબ આભર વ્યક્ત કર્યો હતો આ પ્રકારનું ટીમ કામ જોઈ ૧૯૬૨ પ્રોજેક્ટ કોઓડીનેટર શ્રી હાર્દિક બારોટ તેમજ પ્રોજેક્ટ મેનેજર ડૉ મયંક ભાઈ પટેલ દ્વારા બિરદાવામા આવ્યા હતા.

# ક્ષયમુક્ત શહેર બનાવવાની ગાંધીનગર મહાનગરપાલિકાની નેમ, મેયરશ્રીની અધ્યક્ષતામાં કાર્યક્રમ યોજાયો

૨૪, માર્ચ ૨૦૨૩

ગાંધીનગર,

દેશમાં દર વર્ષે ટી.બીના ૨૬ લાખ કેસ થાય છે. જેમાંથી દર વર્ષે અંદાજીત ૧.૪૫ લાખ જેટલા દર્દીઓનું મૃત્યુ થાય છે જે અન્ય રોગ જેવા કે મેલેરીયા, ડાયાબીટીસ કે સગર્ભા માતાઓના મરણના પ્રમાણ કરતા વધુ છે. જેને પગલે માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી દ્વારા ભારત દેશને ૨૦૨૫ સુધી ટી.બી મુક્ત કરવાનું આહવાન કરવામાં આવ્યું છે.

ભારત દેશને ટીબી મુક્ત કરવાનું વડાપ્રધાને આહ્વાહન કર્યું છે ત્યારે ગુજરાતે વર્ષ ૨૦૨૩માં જ ટીબીમુક્ત ગુજરાત કરવા માટેની કામગીરી શરૂ કરી દીધી છે. જેના પગલે વધુમાં વધુ ક્ષયરોગના દર્દીઓ શોધવા માટે ટેસ્ટીંગ વધારી દેવામાં આવ્યું છે. ક્ષય મુક્ત શહેર બનાવવા માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ચૂસ્ત પગલાઓ લેવામાં આવ્યા છે. જેના અનુસંધાને વિશ્વ ટી.બી. દિવસ નિમિત્તે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત નિઃક્ષય મિત્ર બનાવવા માટે માનનીય મેયરશ્રી હિતેષભાઇ મકવાણાની અધ્યક્ષતામાં કાર્યક્રમ યોજાયો હતો.




જેમાં માન. ડે. મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ તથા માન. ચેરમેનશ્રી જશવંત પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં માનનીય મેયરશ્રીએ જણાવ્યું હતું કે, ગાંધીનગર શહેર અને જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન કુલ સાત હજારથી પણ વધુ ક્ષયના દર્દીઓ નોંધાયા છે. આ રોગ ચેપી હોવાને કારણે તેના દર્દીને ખાસ કાળજી લેવી પડે છે. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ટી.બી રોગના દર્દીઓ વધુ પ્રમાણમાં અર્બન સ્લમ વિસ્તાર, કન્સ્ટ્રક્શન સાઈટ જેવી જગ્યાએ જોવા મળે છે. આ બાબતને ગંભીરતાથી લઈ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા વિશેષ પગલા ભરવામાં આવ્યા છે.

ગાંધીનગર માહાનગરપાલિકા વિસ્તારમાં કુલ ૩૬૦ ટી.બીના દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. જેમાંથી ૨૫૫ દર્દીઓને ન્યુટ્રીશન સપોર્ટની જરૂર છે. ટી.બી.ની દવાઓ સાથે પોષણક્ષમ આહારકીટ આપવાથી દર્દીની સાજા થવાની ક્ષમતામાં વધારો જોવા મળે છે. જે બદલ ચેરમેનશ્રી જશવંત પટેલની ગ્રાન્ટમાંથી ૧૭૦ દર્દીઓને દત્તક લઈ પોષણક્ષમ આહાર કીટ આપવામાં આવશે. આ દર્દી સંપૂર્ણ સ્વસ્થ થાય ત્યા સુધી આપવામાં આવશે. આ ઉપરાંત ૫૦ દર્દીઓને એપોલો હોસ્પિટલ, ૩૦ દર્દીઓને અરવિંદ મિલ્સ, ૧૫ દર્દીઓને શિક્ષાપત્રી ગૃપ અને ૫ દર્દીઓને કલાવતી ફાઉન્ડેશન દ્વારા પોષણક્ષમ આહાર કીટ પૂરી પાડવામાં આવશે.

## વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ બોટાદ દ્વારા. ૨૩ માર્ચ બલિદાન દિવસ વંદે માતરમ સાંસ્કૃતિક કાર્યક્રમ સન્માન સમારોહ સમરસતાના ભાવ સાથે ઉજવવામાં આવેલ




વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ બોટાદ દ્વારા. ૨૩ માર્ચ બલિદાન દિવસ વંદે માતરમ સાંસ્કૃતિક કાર્યક્રમ સન્માન સમારોહ સમરસતાના ભાવ સાથે. ઉજવવામાં આવેલ આ કાર્યક્રમમાં બોટાદની વિવિધ સામાજિક સંસ્થાઓનું સન્માન કરવામાં આવેલ. તેમજ વીર શહિદ ના પરિવારજનો અને માજી સૈનિકો નુ સન્માન કરવામાં આવેલ હતું. ૨૩ માર્ચ બલિદાન દિવસ.કાર્યક્રમમાં સંતો મહંતો, રાજકીય આગેવાનો તેમજ વિશ્વ હિન્દુ પરિષદના અધિકારીઓ અને હિન્દુ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. દેશભક્તિ ગીત સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ બોટાદ જિલ્લા અને પ્રખંડ દ્વારા જાહેમત ઉઠાવવામાં આવેલ હતી.

અહેવાલ કનુભાઈ ખાચર



**પ્રહલાદ નગર ગાર્ડન માં લિબડાના રસનું મફત વિતરણ**

માનવસેવા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સાણંદ દ્વારા પ્રહલાદ નગર ગાર્ડન માં ચૈત્ર માસના પવિત્ર દિવસોમાં લિબડાના મ્હોર નું રસપાન મફત કરાવતા એક આકર્ષણ જોવા મળે છે સવારે સિનિયર સિટીઝનો લિબડાના રસ પીવા લાઈનમાં શિસ્તબદ્ધ રીતે ઉભા રહી ને પિતા જોવા મળે લિબડાનો રસ પીવાથી અનેક રોગોની સામે પ્રતિકાર શક્તિ ઉત્પન્ન કરે છે આમ માનવસેવા ટ્રસ્ટ ના મનુભાઈ બારોટ તાંબાના વાસણમાં તૈયાર કરીને સવારે આશરે ૨૦૦ માણસો ની આસપાસ ને મફત લિબંડાનો રસ પિવડાવી કળિયુગમાં સેવાની ધજા લહેરાવી ધન્યતા અનુભવે છે.

# ગાંધીનગરમાં ૩૦ માર્ચથી ૧ એપ્રિલ સુધી પ્રથમ વર્કિંગ ગ્રુપ ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન મીટિંગ યોજાશે

## માનનીય કેન્દ્રીય સંચાર રાજ્યમંત્રી શ્રી દેવુસિંહ ચૌહાણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, ૨૪ માર્ચ, ૨૦૨૩: માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, ભારત માટે જી૨૦ની અધ્યક્ષતા દેશના ઈતિહાસમાં નિર્ણાયક બાબત છે, કારણકે તે આઝાદી કા અમૃત મહોત્સવ સાથે એકરૂપ થાય છે. વિવિધ ક્ષેત્રો જેવાં કે, પર્યાવરણ અને આબોહવા, ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને ઊર્જા સંરક્ષણ પર કાર્યક્રમો આયોજિત કરવાનું સન્માન ગુજરાતને પ્રાપ્ત થયું છે, જે G-૨૦ સમિટના એકંદર લક્ષ્યો અને એજન્ડા સાથે સુસંગત છે.

ગુજરાત ૩૦ માર્ચથી ૧ એપ્રિલ, ૨૦૨૩ દરમિયાન ગ્રીન સિટી ગાંધીનગરમાં પહેલી વર્કિંગ ગ્રુપ ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન મીટિંગનું આયોજન કરવા માટે સજ્જ છે. આ કાર્યક્રમમાં વિવિધ દેશોના પ્રતિનિધિઓ ભાગ લેશે, જેમાં આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ, કેનેડા, ઈન્ડોનેશિયા, ઈટાલી, જાપાન, મોરેશિયસ, ઓમાન, રશિયા, સાઉદી અરેબિયા, સિંગાપોર, દક્ષિણ આફ્રિકા, UAE, UK, USA વગેરે દેશોનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમ દરમિયાન માનનીય કેન્દ્રીય સંચાર રાજ્યમંત્રી શ્રી દેવુસિંહ ચૌહાણ ઉપસ્થિત રહેશે.

કોઆલિશન ફોર ડિઝાસ્ટર રેઝિલિયન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (CDRI), યુનાઈટેડ નેશન્સ ઈકોનોમિક એન્ડ સોશિયલ કમિશન ફોર એશિયા પેસિફિક (UNESCAP), ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન (ILO), યુનાઈટેડ નેશન્સ ઓફિસ ફોર ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન (UNDRR), યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (UNDP), યુનાઈટેડ નેશન્સ ઑફિસ ફોર પ્રોજેક્ટ સર્વિસિસ (UNOPS), વર્લ્ડ બેંક વગેરે જેવી વિવિધ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરતા પ્રતિનિધિઓ પણ ગાંધીનગર ખાતે આયોજિત પહેલી વર્કિંગ ગ્રુપ ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન મીટિંગમાં ભાગ લેશે.

આ ઈવેન્ટની શરૂઆત ૨૯મી માર્ચ ૨૦૨૩ના રોજ ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ખાતે 'રિમેમ્બરિંગ ડિઝાસ્ટર: ભવિષ્યની અનિશ્ચિતતાઓનો સામનો કરવા માટે ભૂતકાળની ધરતીકંપની ઘટનાઓમાંથી શીખો' થીમ પર કર્ટેન રેઝર સેરેમની સાથે થશે. ત્યારબાદ ઈન્સ્ટિટ્યૂટ ખાતે આમંત્રિત મહેમાનો માટે ડિનર આયોજિત કરવામાં આવશે.

પ્રથમ દિવસે એટલે કે ૩૦ માર્ચ, ૨૦૨૩ના રોજ ઉદ્ઘાટન સત્ર યોજાશે, ત્યારબાદ પ્લેનરી સેશન આયોજિત થશે, જેમાં DRR (ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન)ના સેક્રેટરી જનરલ માટે ટ્રોઈકા (TROIKA) G૨૦, ૨૦૨૩ અને સંયુક્ત રાષ્ટ્રના વિશેષ પ્રતિનિધિ દ્વારા રિમાર્ક્સ પણ સમાવિષ્ટ હશે. ટેકનિકલ સત્ર 'અર્લી વોર્નિંગ સિસ્ટમ (EWS) ફોર ઓલ' થીમ પર રહેશે, જેમાં મજબૂત લાસ્ટ માઈલ કનેક્ટિવિટી સાથે સંકલિત અર્લી વોર્નિંગ સિસ્ટમ્સ સ્થાપિત કરવા અને તેનું વિસ્તરણ કરવાની પ્રતિબદ્ધતા બાબતે ચર્ચા કરવામાં આવશે, જેથી કરીને અર્લી વોર્નિંગ એટલે કે પ્રારંભિક ચેતવણીઓ તમામ માટે સુલભ થઇ શકે. સાંજના સમયે, આમંત્રિત પ્રતિનિધિઓ સાંસ્કૃતિક કાર્યક્રમનો આનંદ માણશે અને ત્યારબાદ પ્રતિષ્ઠિત મહાત્મા મંદિર કન્વેન્શન અને એક્ઝિબિશન સેન્ટર ખાતે પરંપરાગત બેઠક વ્યવસ્થા સાથે રાત્રિભોજન પર સંવાદની મજા માણશે. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ડાન્સ અને ઈન્સ્ટ્રૂમેન્ટલ મ્યુઝિકમાં વૈવિધ્યસભર પ્રદર્શન સાથે ભારતના સમૃદ્ધ વારસાને દર્શાવવામાં આવશે.

મીટિંગના બીજા દિવસ એટલે કે ૩૧ માર્ચ, ૨૦૨૩ના દિવસની શરૂઆત યોગ સત્ર સાથે કરવામાં આવશે. ત્યારબાદ ભારતીય શાસ્ત્રીય સંગીતની પ્રસ્તુતિ અને તે પછી પુનિત વન ખાતે ઈકો-ટુર કરવામાં આવશે.

G૨૦ના પ્રતિનિધિઓ માટે 'ડિઝાસ્ટર રેઝિલિયન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફોર રિડ્યુસિંગ એન્યુઅલ એવરેજ લોસીસ', 'રેગ્યુલેટરી ફ્રેમવર્ક ફોર ડિઝાસ્ટર રિસ્ક ફાઈનાન્સિંગ'; 'બિલ્ડીંગ અને કોન્ટિનમ ફ્રોમ ડિઝાસ્ટર રિસ્પોન્સ ટુ રિકવરી એન્ડ રિકન્સ્ટ્રક્શન' જેવા થીમેટિક એરિયાઝ પર વિવિધ ટેક્નિકલ સત્રો આયોજિત થશે. મુખ્ય પ્રેઝન્ટેશન્સ પણ આ મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે, જે પ્રતિનિધિમંડળને ચર્ચા કરવાની તક આપશે.

છેલ્લા દિવસે, એટલે કે ૧ એપ્રિલ, ૨૦૨૩ના રોજ પ્રેઝન્ટેશન્સ અને વિચાર-વિમર્શ સાથે ઈમ્પ્રુવ્ડ સોલ્યુશન્સ લાવવા માટે, 'ઈકોસિસ્ટમ બેઝ્ડ એપ્રોચીસ ફોર ઈન્ટિગ્રેટેડ ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન (DRR) અને ક્લાયમેટ ચેન્જ એડેપ્ટેશન્સ' થીમ પર ટેક્નિકલ સેશન યોજાશે. આ ચર્ચામાં વિવિધ મુદ્દાઓ આવરી લેવામાં આવશે, જેવાકે, ટકાઉ સ્થાનિક હસ્તક્ષેપ જે ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન (ડીઆરઆર), આજીવિકા, ઊર્જા અને પરિવર્તન અનુકૂલન (ચેન્જ અડેપ્ટેશન)ને જોડે છે, પ્રકૃતિ-આધારિત ઉકેલના અમલીકરણ માટે નેશનલ ફ્રેમવર્કનો વિકાસ, સંસાધનોની એક્સેસ વધારવી વગેરે.

વર્કિંગ ગ્રુપ મીટિંગ નીચેના સ્થળો પર ફિલ્ડ વિઝિટ સાથે સમાપ્ત થશે-

- દાંડી કુટીરનો માર્ગદર્શિત પ્રવાસ: જે મહાત્મા ગાંધીના જીવન અને ઉપદેશો પર બનેલું ભારતનું સૌથી મોટું મ્યુઝિયમ છે
- અડાલજની વાવ, જે ૧૫મી સદીની એક આઈકોનિક વાવ છે
- સ્મૃતિવન ભૂકંપ સ્મારક, ભુજ, જે ૨૦૦૧ના ગુજરાત કચ્છ ભૂકંપના પીડિતોને સમર્પિત ભારતનું સૌથી મોટું સ્મારક અને સંગ્રહાલય છે.

## સ્વામિનારાયણ મંદિર સુરતના સદ્દગુરૂ શ્રી લક્ષ્મણજીવન દાસજી સ્વામી અને સંતો પક્ષીઘર પાણીના કુંડા વિતરણ કરવામાં ઉપસ્થિત રહી આશિવોદ પાઠવ્યાં

**શ્રવણ સુખધામ વિહંગ નો વિસામો અબોલ જીવ સેવાયજ્ઞ માં સહભાગી બન્યા**





અરવલ્લી,

અરવલ્લી સા.કા શ્રવણ સુખધામ વિહંગ નો વિસામો અબોલ જીવ સેવા યજ્ઞ નાં ભેખધારી ઈન્દુ પ્રજાપતિ પક્ષીઓ અને અબોલ જીવ સેવા ની ધૂણી છેલ્લા સાત વર્ષથી કવિ ઉમાશંકર જોશી ની જન્મ બામણા પુનાસણ ખાતે લખાવીને બેઠા છે જેમાં અબોલ પક્ષીઓ ને રહેવા માટે માટીના ચકલી ઘર કબુતર ઘર અને પાણીના કુંડા નું નિઃશુલ્ક વિતરણ કરી રહ્યા છે જે અભિયાન વર્ષ માં બે વાર ખુલ્લું મૂકવામાં આવે છે ૨૦ માર્ચ વિશ્વ ચકલી દિવસ અને ૧૪ જાન્યુઆરી મકરસંક્રાંતિ ના દિવસે આ ઉપરાંત ૩૬૫ દિવસ સંસ્થા પર વિતરણ ની સેવા અવિરતપણે ચાલુ હોય છે ૨૦ માર્ચ ના રોજ આ અભિયાન ને વિતરણ માટે ખુલ્લું મૂકવામાં આવ્યું ત્યારે ૨૨ માચૅ ના રોજ સ્વામિનારાયણ મંદિર સુરત ના સદગુરુ શ્રી લક્ષ્મણ જીવનદાસજી સ્વામી અને સંતો ખાસ ગ્રામ્ય વિસ્તારોમાં વિતરણ માટે સંસ્થા માં ઉપસ્થિત રહી સેવાકાર્ય નો શુભારંભ કર્યો હતો હાજર સંતો નું સંસ્થાના પ્રમુખ શ્રી એસ કે પ્રજાપતિ એ સંતોને પુષ્પ ગુચ્છ ખેસ પહેરાવી ને સન્માન કરી આવકાર્યો હતાં અને કબુતર ઘર ચકલી ઘર ભેટ આપી વિતરણ કાયૅ આગળ ધપાવયુ હતું સંતો એ અબોલ જીવ ની સેવા કરવા માટે આશિર્વાદ આપી આ કાયૅ ને વધાવ્યું હતું આશિર્વચન માં કહ્યું હતુ કે અબોલ જીવ ની સેવા માં સ્વર્ગ સમાયેલું છે....

અહેવાલ... હિરેન પ્રજાપતિ.અરવલ્લી.સા.કા

# ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલની સેકટર ૧૯ સ્થિત સ્પેશ્યલ ચિલ્ડ્રન હોમના રિનોવેશન અંગે રાજ્ય સરકારને રજૂઆત

**HIV ગ્રસ્ત દીકરાઓ સંપૂર્ણ રીતે પરિપક્વ બને અને તેમના ભવિષ્ય તેમજ અમૂલ્ય જીવન અંગે સભાનતા કેળવે તે હેતુથી સ્પેશ્યલ ચિલ્ડ્રન હોમમાં રહેવાની ૧૮ વર્ષ સુધીની વયમર્યાદામાં વધારો કરી ૨૨ થી ૨૫ વર્ષ કરવા ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલની માંગ**

ગાંધીનગર ઉત્તર વિધાનસભા ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ગાંધીનગરના સેકટર ૧૯ સ્થિત સ્પેશ્યલ ચિલ્ડ્રન હોમ ખાતે HIV ગ્રસ્ત હોય તેવા અનાથ તેમજ સિંગલ પેરેન્ટ દીકરાઓનો ૨ વર્ષની ઉંમર થી ૧૮ વર્ષ સુધીની વય થાય ત્યાં સુધી ઉછેર કરવામાં આવે છે. આજ પ્રકારે સુરત ખાતે HIV ગ્રસ્ત દીકરીઓને સુવિધા આપવામાં આવે છે.

ઘણા વર્ષો વીતવાથી સ્પેશ્યલ ચિલ્ડ્રન હોમની ઈમારતમાં રીનોવેશનની આવશ્યકતા જણાઈ રહી છે ત્યારે આ બાબતે રાજ્યની પ્રજાવત્સલ ભાજપા સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાને સકારાત્મક અભિગમ અપનાવી આ અંગે સુખદ નિર્ણય કરી બાળકોની સુવિધામાં વધારો કરવામાં આવે આવે તે માટે વિસ્તારના વિકાસ તેમજ જનતાના પ્રશ્નો અંગે સતત સક્રિય અને કાર્યશીલ એવા યુવા મહિલા ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલે રજૂઆત કરી છે.

સ્પેશ્યલ ચિલ્ડ્રન હોમ ખાતે બાળકો ૧૮ વર્ષના થાય ત્યારબાદ નજીકના સગાને સોંપવામાં આવે છે. બાળપણથી સ્પેશ્યલ ચિલ્ડ્રન હોમમાં વર્ષો સુધી રહ્યા બાદ ૧૮ વર્ષની ઉંમરે નવા સ્થાને જતા ભૂતકાળમાં ૨ દીકરાઓએ આત્મહત્યા કર્યા હોવાનો કિસ્સો સામે આવ્યો છે ત્યારે દીકરાઓ સંપૂર્ણ રીતે પરિપક્વ બને અને તેમના ભવિષ્ય તેમજ અમૂલ્ય જીવન અંગે સભાનતા કેળવે તે હેતુથી ૧૮ વર્ષની વયમર્યાદામાં વધારો કરી ૨૨ થી ૨૫ વર્ષ કરવા ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલે સરકારશ્રી સમક્ષ માંગ કરી છે.

# વંદેભારત ટ્રેનને વલસાડ પાસે ફરી અકસ્માત,દુર્ઘટના થતા રહી ગઈ

વલસાડ,તા.૨૪

વંદે ભારત ટ્રેન જ્યારથી પાટા પટથી દોડતી થઈ છે ત્યારથી તેને અકસ્માતોનું ગ્રહણ લાગ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લીલીઝંડી આપ્યા બાદ વંદેભારત ટ્રેનના અકસ્માતો સતત ચર્ચામાં રહ્યાં છે. ત્યારે વંદેભારત ટ્રેનને ફરી અકસ્માત નડ્યો છે. વલસાડ વાપી પાસે વંદે ભારત ટ્રેનની અડફેટે ગાય આવી ગઈ હતી. તેથી થોડા સમય સુધી ટ્રેન રોકવામાં આવી હતી. જોકે, વંદે ભારત ટ્રેનની અડફેટે ગાયનું મોત નિપજ્યું હતું. તેથી ગાયના મૃતદેહને ટ્રેક પરથી દુર કરી ફરી ટ્રેનને મુંબઈ તરફ રવાના કરાઇ હતી. આ અકસ્માતથી વંદેભારત ટ્રેનના આગળના ભાગને થોડું નુકસાન થયુ હતું. પરંતુ મોટી દુર્ઘટના ટળી હતી. અવારનવાર વંદે ભારત ટ્રેનની અડફેટે પશુઓ આવતા અકસ્માતો સર્જાય છે. ઉદઘાટન બાદથી વંદેભારત ટ્રેન પાટા પર દોડાવવી મુશ્કેલ બની છે. આ ટ્રેનને અત્યાર સુધી અસંખ્ય અકસ્માત થયા છે. ટ્રેનને આડે રખડતા ઢોર આવતા ટ્રેનને નુકસાનીનો સામનો પણ કરવો પડ્યો છે. આ કારણે વંદેભારત ટ્રેનનો અકસ્માત સતત ચર્ચામાં રહે છે. ત્યારે હવે આ અકસ્માતો રોકવા માટે તાજેતરમાં રેલવે વિભાગ દ્વારા મોટો નિર્ણય લેવાયો હતો. અકસ્માત રોકવા સુરતથી અમદાવાદ રેલવે લાઈનની બંને બાજુ મેટલ ક્રેશ બેરિયર લગાવાશે તેવો નિર્ણય લેવાયો હતો. છતા અકસ્માતોનો સિલસિલો ચાલુ જ છે. આજે ફરી વલસાડ પાસે ટ્રેનને ગાય અથડાઈ હતી. વારંવાર થતા અકસ્માતોથી મુસાફરોના જીવ જોખમી બની શકે છે. ગુજરાતમાં રખડતા ઢોરોનો ત્રાસ એટલી હદે વધી ગયો છે કે, હવે ટ્રેન સાથે અકસ્માત થઈ રહ્યાં છે. અત્યાર સુધી રોડ પર અડીંગો જમાવીને બેસતા રખડતા ઢોર માણસોને અડફેટે લેતા હતા. ત્યારે હવે રખડતા ઢોરો ટ્રેનોને અથડાઈ રહ્યાં છે. જો અકસ્માત મોટો હોય તો ટ્રેનમાં સવાર હજારો મુસાફરોના જીવનું જોખમ બની શકે છે. ત્યારે અનેકવાર વંદેભારત ટ્રેન સાથે આ અકસ્માત બની રહ્યાં છે. વંદે ભારત ટ્રેન સાથે વારંવાર પશુ અથડાવવાની ઘટનાઓ રોકવા રેલ્વે વિભાગનો મોટો નિર્ણય લીધો કે, સુરતથી અમદાવાદ રેલવે લાઈનની બંને બાજુ મેટલ ક્રેશ બેરિયર લગાવાશે. ૧૪૦ કરોડના ખર્ચે ૧૭૦ કિમીના અંતરમાં રેલવે લાઈનની બંને બાજુ થ્રી લેયર મેટલ ક્રેશ બેરિયર લગાવાશે.

## મેગાડ્રાઈવથી વ્યાજખોરોમાં એક સંદેશ સ્પષ્ટ થઈ ગયો કે, આ ધંધો છોડવો પડશે અથવા તો ગુજરાત છોડવું પડશેઃ ગૃહ રાજ્યમંત્રી

ગાંધીનગર,તા.૨૪

ગુજરાતમાં વ્યાજખોરીના દુષણને ડામવા તેમજ વ્યાજખોરોના ચક્કરમાં ફસાઈ ગયેલા મજબૂર અને જરૂરિયાતમંદ લોકોને આ બોજમાંથી મુક્ત કરાવવા રાજ્ય સરકારે ચિંતા કરીને એક વિશેષ ઝુંબેશ ચલાવી છે, તેમ ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે, ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા બાદ શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના તાત્કલિક નિર્દેશથી રાજ્યમાં શરુ થયેલી આ મેગાડ્રાઈવથી વ્યાજખોરોમાં એક સંદેશ સ્પષ્ટ થઈ ગયો છે કે, આ ધંધો છોડવો પડશે અથવા તો ગુજરાત છોડવું પડશે.

વિધાનસભા ગૃહ ખાતે વ્યાજખોરો સામેની ઝુંબેશ અને રાજ્યમાં યોજતા લોકદરબાર અંગે પૂછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતા ગૃહ રાજ્ય મંત્રી શ્રી સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં ૦૫-૦૧-૨૦૨૩થી શરુ થયેલી અનધિકૃત વ્યાજખોરો સામેની ખાસ ઝુંબેશના પરિણામે રાજ્યના અનેક નાગરીકો વ્યજખોરીના ચક્કરમાંથી બહાર આવ્યા છે. વધુમાં વધુ લોકોને વ્યાજ અને વ્યાજખોરોના બોજમાંથી બહાર લાવી શકાય તે માટે ગુજરાત પોલીસ દ્વારા રાજ્યભરમાં અત્યારસુધીમાં ૩૫૦૦ જેટલા લોકદરબાર યોજાયા છે.

# ગુજરાત વિધાનસભાની કામગીરી હવે સોશિયલ મીડિયા પર જોઇ શકાશે

ગાંધીનગર,તા.૨૪

ગુજરાત વિધાનસભાને હવે સોશિયલ મીડિયાના પ્લેટફોર્મ પર શરૂ કરવામાં આવશે. આજથી ગુજરાત વિધાનસભા વેબસાઈટ ટ્રાયલ સ્ટેજ પર શરૂ કરવામાં આવી છે. તમામ પ્રશ્નોત્તરી અને ડોક્યુમેન્ટ વેબસાઈટ પર મુકવામાં આવશે. હાલ વેબસાઈટ ટ્રાયલ સ્ટેજ પર છે. જે પછી તમામ પ્રશ્નતરી મહ્ત્વમાં ડોક્યુમેન્ટ વેબસાઈટ પર મુકાશે.

ગુજરાત વિધાનસભામાં કેવી રીતે કામગીરી થતી હોય છે તે જાણવામાં સૌ કોઈને રસ હોય છે. ત્યારે હવે કોઇ પણ વ્યક્તિ આ કામગીરી સોશિયલ મીડિયા પર જોઇ શકશે. આજથી જ ગુજરાત વિધાનસભા વેબસાઈટ ટ્રાયલ સ્ટેજ પર શરૂ કરી દેવામાં આવી છે. જેના પર વિધાનસભામાં થતી તમામ પ્રશ્નોત્તરી અને મહત્વના ડોક્યુમેન્ટ જોઇ શકાશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે વિધાનસભાની યુટ્યુબ ચેનલ પણ લોન્ચ કરવામાં આવશે. જેમાં તમામ ધારાસભ્યો અને મંત્રીઓના નિવેદનો મુકવામાં આવશે. જો કે રેકોર્ડ પરથી દૂર કરાયેલા શબ્દો તેમજ વિવાદિત નિવેદનો તેમાં અપલોડ કરવામાં નહીં આવે. છેલ્લા કેટલાય સમયથી ગુજરાત વિધાનસભાનું લોકસભા અને રાજ્યસભાની જેમ જીવંત પ્રસારણ કરવા રજૂઆત કરવામાં આવી રહી છે. જો કે જીવંત પ્રસારણને લઈ હાલ કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી, પરંતુ હવે તમામ ધારાસભ્યો અને મંત્રીઓએ ગૃહમાં આપેલા નિવેદનને સોશિયલ મીડિયા પર જોઈ અને સાંભળી શકાશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

NEWS OF GANDHINAGAR_P-4